ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૮૭ । વિક્રમ સંવત ૨૦૮૦ : આસો વદ ૧૨ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 87 • Dt. 28-10-2024 Monday • Page 08 • Price : Rs. 4 • City Office : Lok Patrika Media House, 72, City Centre, Nr. Swastik Cross Road, C.G. Road, Navrangpura, Ahmedabad 380009 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

28
OCTOBER- 2024
MONDAY




P.09

પાર્ટીમાં લાલ પરી બનીને પહોંચી નતાશા સ્ટેનકોવિક



P.09

દિલજીત દોસાંઝ કોન્સર્ટ કોલ્ડપ્લે ટિકિટના વેચાણ કેસમાં ઇડીના દરોડા

મુંબઈના બાંદ્રા ટર્મિનસ પર ટ્રેનમાં ચઢવા માટે ધક્કા-મુક્કી 09





09 ‘આત્મનિર્ભરતા એ માત્ર આપણી નીતિ જ નથી, પણ આપણું જુસ્સો પણ છે : વડાપ્રધાન

**ગુજરાતીઓમાં અનેરો ઉત્સાહ** | વડોદરામાં ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ લિમિટેડની ફાઇનલ એસેમ્બલી લાઇનનું લોકાર્પણ કરવામાં આવશે

# આજે મોદી અને સ્પેનના વડાપ્રધાન ગુજરાતની મુલાકાતે

**પ્રધાનમંત્રી વડોદરાથી અમરેલીની મુલાકાત લેશે । અમરેલીનાં દુધાળામાં ભારત માતા સરોવરનું ઉદઘાટન કરશે । તડામાર તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો**

। પ્રતિનિધિ,વડોદરા, તા.૨૭ ।

આવતીકાલે રોજ ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ લિમિટેડની ફાઈનલ એસેમ્બલી લાઈનના લોકાપ ણ પ્રસંગે બે દેશના વડાપ્રધાન વડોદરા આવી રહ્યાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે સ્પેનના પ્રધાનમંત્રી આવતીકાલે વડોદરામાં હશે. ત્યારે ભારત અને સ્પ ેનના પીએમના કાર્યક્રમને લઈ વડોદરાને દુલહનની જેમ શણગારાયું છે. બંને મહાનુભાવોના ૯ કિમી રૂટને શણગાર્યો છે. રંગબેરંગી લાઈટો, સિરીઝ, ન્ઈઢ લાઈટ્સ રોડ પર લગાડાઈ છે. રોડ રસ્તા, બિલ્ડિંગો રોશનીથી ઝગમગી ઉઠ્યા છે. રૂટ પર આવતા વૃક્ષો પણ શણગાર્યા છે, તો દીવાલો પર સુંદર ભીંતચિત્રો દોરાયા છે. વડોદરા શહેરને સુંદર શહેર બનાવ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૮ ઓક્ટોબરનાં રોજ ગુજરાતની મુલાકાત લેશે. પ્રધાનમંત્રી સવારે ૧૦ વાગ્યાની આસપાસ સ્પ ેનના પ્રધાનમંત્રી શ્રી પેડ્રો સાન્ચેઝ સાથે મળીને ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ (ટીએએસએલ) કેમ્પસમાં સી-૨૯૫ એરક્રાફ્ટના ઉત્પાદન માટે ટાટા એરક્રાફ્ટ કોમ્પ્લેક્સનું સંયુક્તપણે ઉદઘાટન કરશે. ત્યાર બાદ સવારે ૧૧ વાગ્યાની આસપાસ તેઓ લક્ષ્મી વિલાસ પ ેલેસ, વડોદરાની મુલાકાત લેશે. પ્રધાનમંત્રી વડોદરાથી અમરેલીની મુલાકાત લેશે, જ્યાં બપોરે ૨:૪૫ વાગ્યે તેઓ અમરેલીનાં દુધાળામાં ભારત માતા સરોવરનું ઉદઘાટન કરશે. વધુમાં બપોરે લગભગ ૩ વાગ્યે તેઓ લાઠી, અમરેલી ખાતે ૪,૮૦૦ કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે.



### એરપોર્ટ સર્કલથી રોડ શો શરૂ થશે. ૩ કિલોમીટરનો રોડ શો હશે

આવતીકાલે ભારત અને સ્પેનના પીએમ ખુલ્લી જીપમાં બેસી રોડ શો કરશે. એરપ ોર્ટથી ખોડિયાર નગર ટાટા એરક્રાફ્ટ કોમ્પ્લેક્ષ સુધી અનેક સ્ટેજ બાંધવામાં આવ્યા છે. અલગ અલગ સમાજના લોકો અને હજારો વડોદરાવાસીઓ બંને પીએમનું સ્વાગત કરશે. એરપોર્ટ સર્કલથી રોડ શો શરૂ થશે. ૩ કિલોમીટરનો રોડ શો હશે. રોડ શોને લઈ આજે ગ્રાન્ડ રિહર્સલ કરાશે. સ્પેન અને દેશના પ્રધાનમંત્રીની મુલાકાતને લઈ વડોદરા પોલીસ દ્વારા આજે ગ્રાન્ડ રિહર્સલનું આયોજન કરાયું છે. એરપોર્ટથી ખોડિયાર નગર ટાટા એરક્રાફ્ટ કોમ્પ્લેક્ષ અને લક્ષ્મી વિલાસ પેલેસ સુધી પોલીસનું રિહર્સલ થશે. આ રિહર્સલમાં SPG તેમજ ઉચ્ચ પોલીસ અધિકારીઓ જોડાયા છે.

**૨૦ સ્થળોએ દરોડાની કાર્યવાહી હાથ ધરીને વ્યાપક પ્રમાણમાં વધાજનક દસ્તાવેજો કબજે કર્યા**

## એસટી વિભાગ ૧૦૦ જેટલી એક્સ્ટ્રા બસો દોડાવશે, મુસાફરોને નહીં પડે હાલાકી

। પ્રતિનિધિ,ભુજ,તા.૨૭ ।

દિવાળીના તહેવાર લઈને ભુજ એસટી વિભાગ દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે. દિવાળીના ટ્રાફિકને ધ્યાનમાં રાખીને ૧૦૦ જેટલી એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવી રહી છે. એસટી વિભાગ દ્વારા ઉતર ગુજરાત, દાહોદ અને રાજકોટના રુટમાં વધારાની બસો દોડાવવામાં આવશે.

દર વર્ષે એસટી વિભાગ દ્વારા એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવે છે, જેના કારણે એસટી વિભાગને વધારાની આવક પણ થાય છે. આ વર્ષે પણ ૧૦૦ જેટલી વધારાની બસો દોડાવવામાં આવી છે, જેના કારણે ૪૦ લાખ જેટલી આવક થવાની શક્યતા છે. મુસાફરોનો ટ્રાફિક જોતાં ૨૦૦ જેટલી એક્સ્ટ્રા ટ્રીપ કરવા માટેનું આયોજન કર્યું છે. વેકેશનના લીધે વિદ્યાર્થી ટ્રીપો બંધ રહેશે, તે બસોને તાલુકાથી જિલ્લા શટલ સર્વિસમાં ચલાવવામાં આવશે. કચ્છ જિલ્લામાં ફરજ બજાવતા કર્મચારી દિવાળીના તહેવારમાં પોતાના વતન જતાં હોય છે, જેને ધ્યાનમાં રાખીને એસટી વિભાગ દ્વારા ૧૦૦ જેટલી એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવી રહી છે.

બીજી તરફ દિવાળી તહેવાર નિમિત્તે ગુજરાત રાજસ્થાન તેમજ મહારાષ્ટ્ર સહિત ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી પ્રવાસીઓને વતનમાં લાવવા તેમજ પરત લઈ જવા માટે ગુજરાત એસટી બસ નિગમ દ્વારા ૨૦૦થી વધારે એસટી બસોની સુવિધા કરવામાં આવી છે.



**અમદાવાદમાં મોટી દુર્ઘટના । સમગ્ર મામલામાં તપાસ શરૂ**


## નારોલની કંપનીમાં ગેસ ગળતરથી બે ના મોત, પાંચની હાલત નાજુક

**બ્લીચીંગ સોડા સાથે અન્ય કેમિકલ મિક્સ થતા ધુમાડો થયો તેના કારણે ઘટના બની હતી**

। પ્રતિનિધિ,અમદાવાદ,તા.૨૭ ।

અમદાવાદના નારોલ વિસ્તારમાં આવેલી દેવી સિન્થેટિક પ્રાઈવેટ લિનિટેડમાં ગેસ ગળતરની ઘટના બની છે. જેમાં ૯ વ્યકિતઓ બેભાન અને ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટનામાં ૨ લોકોના મોત નિપજ્યા છે. તો ૫ લોકોની હાલત નાજુક હોવાથી તેઓ ICUમાં સારવાર હેઠળ છે. જ્યારે કે ૨ લોકો સ્ટેબલ છે.

બ્લીચીંગ સોડા સાથે અન્ય કેમિકલ મિક્સ થતા ધુમાડો થયો તેના કારણે ઘટના બની હતી. તમામને ૧૦૮ મારફતે એલજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જીપીસીબીસ,ફેકટરી ઈન્પેકટર સહિતના અધિકારીઓ ઘટના સ્થળ પર પહોંચ્યા હતા. તો અસલાલી ફાયર



સ્ટેશન ટીમ, ૧ સ્ટેશન ઓફિસર, ૧ ડીવીઝનલ ઓફિસર, ૧ સબ ઓફિસર , ૧૦ ફાયર ફાઈટર જવાન, ઈમેરજેન્સી વાન અને RIV વેહિકલ સ્થળ પહોંચી ગયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદના નારોલની મટન ગલીમાં દેવી સિન્થેટિક પ્રાઈવેટ કંપનીમાં આ ઘટના બની હતી. સલ્ફ્યુરિક એસિડનું ટેક્ર ખાલી થતા સમયે બ્લીચિંગ કોસ્ટિક સોડા સાથે રિએક્શન થતાં આ દુર્ઘટના સર્જાઈ હતી. ફયુમના કારણે કામ કરતા લોકોને ગેસની અસર થઈ હતી. ટપ ોટપ અનેક કર્મચારીઓ બેભાન થયા હતા. ૭ વ્યક્તિઓનું રેસ્ક્યુ કરી ૧૦૮ મારફતે ન્ હોસ્પિટલમાં ખસેડાયા હતા. તો કમલ યાદવ (૨૫ વર્ષ) અને લવકુશ મિશ્રા (૩૨ વર્ષ) નું આ ઘટનામાં મોત નિપજ્યું છે.

હાલમાં પ્રાથમિક સારવાર હેઠળ છે તેમાં મફુઝ અંસારી (૪૨ વર્ષ), મહેન્દ્રભાઈ (૫૦ વર્ષ), ઈશાદ ખાન (૨૫ વર્ષ), મંગલ સિંઘ (૫૬ વર્ષ), અશોકભાઈ (૫૬ વર્ષ), માલજીભાઈ (૫૯ વર્ષ)નો સમાવેશ થાય છે.

## રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં મિની વેકેશન જાહેર, આટલા દિવસ તમામ કામો રહેશે બંધ

। પ્રતિનિધિ,રાજકોટ,તા.૨૭ ।

દિવાળીની તહેવાર નજીક આવી રહ્યો છે અને આ તહેવાર ઉજવવા માટે લગભગ નોકરિયાત લોકોને રજા મળતી હોય છે અને પોતાનો બિઝનેસ ચલાવતા લોકો પણ ધંધો બંધ કરીને આ તહેવારની ઉજવણી પરિવાર સાથે કરતાં હોય છે. એવામાં આ દિવાળી પર રાજકોટમાં આવેલા વિવિધ માર્કેટ યાર્ડમાં રજાઓ જાહેર કરી દેવામાં આવી છે.રાજકોટ માર્કેટ યાર્ડ દ્વારા પરિપત્ર બહાર પાડી રજાની જાહેરાત કરવામાં આવી છે, જે મુજબ ૩૦ ઓક્ટોમ્બરથી ૭ દિવસની રજાઓ જાહેર કરવામાં આવી છે.રાજકોટમાં આવેલા વિવિધ માર્કેટ યાર્ડમાં આ મિનિ વેકેશન એટલે કે ૭ દિવસ સુધી તમામ નાના મોટા કામો બંધ રહેશે. પરિપત્ર અનુસાર રાજકોટનું મુખ્ય યાર્ડ બેડી યાર્ડ ૩૦ તારીખથી ૫ તારીખ સુધી બંધ રહેશે, તો શાકભાજી વિભાગ તારીખ ૧થી ૫ સુધી બંધ રહેશે.દિવાળી તહેવાર દરમિયાન યાર્ડમાં પણ વેકેશન પડ્યું છે અને રાજકોટના બેડી માર્કેટ યાર્ડમાં સાત દિવસનું દિવાળી વેકેશન રહેશે.

## ચોટીલામાં આરતીના સમયમાં ફેરફાર કરાયો

**સુરેન્દ્રનગર,તા.૨૭ ।** નવા વર્ષમાં લોકો નવા વર્ષની શરૂઆત માતાજીના દર્શનથી શરૂ કરે છે. તેના લીધે બેસતા વર્ષના દિવસે ચોટીલાના ચામુંડા માતાના મંદિરે ભક્તોનો ભારે ઘસારો પણ જોવા મળે છે. આ વર્ષે ગત વર્ષની જેમ મોટી સંખ્યામાં ભક્તો નવા વર્ષે માતાજીના દર્શને આવે તેવી સંભાવના છે. ત્યારે મંદિરના ટ્રસ્ટ તરફથી મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચોટીલામાં નવા વર્ષ નિમિત્તે દર્શન અને આરતીના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.ચોટીલામાં ચામુંડા માતાજીના મંદિરના કપાટ ૨ નવેમ્બર બેસતા વર્ષના દિવસે સવારે ચાર વાગ્યે ખોલશે અને પરોઢિયે આરતી સવારે ૪:૩૦ વાગ્યે કરવામાં આવશે.






**સિંહોની નવી સફારી** | ગુજરાતમાં બરડા જંગલ સફારીનો ૨૯ ઓક્ટોબરે પ્રવાસન મંત્રી મુળુ બેરા કરાવશે શુભારંભ

## ગુજરાતીઓને ફરવા માટેનું હવે નવું સરનામું મળ્યું

। પ્રતિનિધિ,દ્વારકા, તા.૨૭ ।

ગુજરાતમાં પ્રવાસીઓ માટે એક નવીન નજરાણું ઉમેરવા જ?ઈ રહ્યું છે. આગામી ધનતેરસના દિવસે તા.૨૯ ઓકટોબરના રોજ મંગળવારે દેવભૂમિ દ્વારકાના કપુરડી ચેક પોસ્ટ ખાતે એશિયાઈ સિંહોનું બીજું નવું રહેઠાણ એટલે કે ‘બરડા વન્યજીવ અભયારણ્ય‘ અને બરડા જંગલ સફારી‘ ફેઝ-૧નો વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાના વરદ હસ્તે શુભારંભ કરવામાં આવશે.



ગુજરાત વાઈલ્ડલાઈફ પી.સી.સી.એફ એન. શ્રીવાસ્તવે નવીનબરડાવન્યજીવઅભયારણ્ય વિશે વિગતો આપતાં કહ્યું હતું કે, એશિયાઈ સિંહો વિશ્વમાં ખૂબ પ્રખ્યાત અને માત્ર ગુજરાતના જૂનાગઢ ફોરેસ્ટ રેન્જમાં જોવા મળતા હોય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃ ત્વમાં વન્યજીવોનું સંરક્ષણ અને સંવર્ધન થઈ રહ્યું છે. જેના પ રિણામે હવે બરડાની ટેકરીઓમાં પણ નાગરિકો- પ્રવાસીઓને ગુજરાતનું ગૌરવ સમાન ‘એશિયાઈ સિંહ‘ નિહાળવા મળશે. હાલ ગુજરાતમાં અંદાજે ૬૭૪ એશિયાઈ સિંહો જોવા મળે છે.

### આ અભયારણ્યમાં વિવિધ પ્રકારની વનસ્પતિઓ

આ અભયારણ્યમાં વિવિધ પ્રકારની વનસ્પતિઓ, વન્યજીવ તેમજ રંગબેરંગી સ્થાનિક અને યાયાવર પક્ષીઓને વિચરણ માટે જૂનું અને જાણીતું સ્થળ છે અને એની નોંધ સમગ્ર વિશ્વએ લીધી છે. બરડા વન્યજીવ અભયારણ્યનું વૈવિધ્યસભર નિવસન તંત્ર ૩૬૮ વનસ્પતિ પ્રજાતિઓને આશ્રય આપે છે, જેમાં ૫૯ વૃક્ષો, ૮૩ છોડ, ૨૦૦ ક્ષુપ અને ૨૬ વેલાઓની પ્રજાતિઓનો સમાવેશ થાય છે. જ્યારે વનસ્પતિની ૩૬૮ પ્રજાતિઓમાં, ક્ષુપનું પ્રમાણ સૌથી વધુ ૫૪ ટકા છે. ત્યારબાદ ૨૩ ટકા છોડ, વૃક્ષો ૧૬ ટકા અને વેલાઓ ૦૯ ટકાનો સમાવેશ થાય છે. વનસ્પતિઓમાં રાયણ બરડાની સૌથી મહત્વપૂર્ણ પ્રજાતિઓમાંની એક છે.લગભગ ૧૪ દાયકા પછી આ જંગલના વિસ્તાર ફરી એક વખત એશિયાઇ સિંહોની હાજરીનું ગૌરવ અનુભવી રહ્યું છે.




લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

## આ વર્ષે દિવાળીનો માહોલ જામી રહ્યો છે ત્યારે પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પાડવાની પ્રક્રિયા કરવામાં આવી

# અમદાવાદમાં પણ રાતના ૧૦થી સવારના ૬ વાગ્યા સુધી ફટાકડાં ફોડવા પર પ્રતિબંધ, પોલીસનું જાહેરનામું

### જાહેરનામાનો ભંગ કરનાર સામે કાર્યવાહી કરવાની સત્તા આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીને આપવામાં આવી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૭ ।

પોલીસ માટે નવરાત્રિ જેવી જ સ્થિતિ દિવાળીમાં સર્જાઈ રહી છે. અમદાવદામાં રાત્રે ૧૦ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પોલીસ કમિશનરે બહાર પાડ્યું છે. વર્ષના સૌથી મોટા તહેવારોની મુક્ત મનની ઉજવણીમાં કાયદાનું બંધન અનુભવાતું હોવાનું અનેક નાગરિકો કહે છે. આ વર્ષે દિવાળીનો માહોલ જામી રહ્યો છે ત્યારે પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પાડવાની પ્રક્રિયા કરવામાં આવી છે. ધ્વનિ અને વાયુ પ્રદૂષણ અંગેના કાયદા કાગળ ઉપર મજબૂત છે.

પરંતુ આ કાયદાઓની અમલવારી ઈચ્છા પડે ત્યારે અને પોતાની ઈચ્છાપૂર્તિ માટે અમુક પોલીસકર્મી કરતાં હોવાની લોકફરિયાદો પણ કાયદાઓ જેટલી જ મજબૂત છે.પોલીસ કમિશનરે જાહાર કરેલા જાહરનામા અનુસાર, ધ્વનિ પ્રદૂષણ નિયમો ૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નક્કી કરાયાં છે તેનું ચૂસ્તપણે પાલન જરૂરી છે. દિવાળીમાં ફટાકડા ફૂટવાના કારણે અને નવરાત્રિ તેમજ લગ્નપ્રસંગ અને મેળાવડાઓ દરમિયાન લાઉડ સ્પીકર, ડ્રમ, પબ્લિક એડ્રેસ સિસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે. રહેણાંક વિસ્તારમાં ઔદ્યોગિક પ્રવૃત્તિ, વાહનોની અવરજવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમિયાન ઉપયોગમાં લેવાતા સાધનોથી પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાય છે.રાત્રિના ૧૦થી સવારે ૬ વાગ્યા સુધીના સમયગાળામાં હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતાં બાંધકામ અંગેના સાધનો તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડ સ્પીકર અને વાજિંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે. અમદાવાદમાં અમલમાં રહેલો આ પ્રતિબંધ ૩૧મી ડીસેમ્બર ૨૦૨૪ સુધી લંબાવતું જાહેરનામું પોલીસ કમિશનરે જાહેર કર્યું છે. આ જાહેરનામાનો ભંગ કરનાર સામે કાર્યવાહી કરવાની સત્તા આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીને આપવામાં આવી છે.આમ તો આ પ્રકારનું જાહેરનામું અને તેની અમલવારી પોલીસ તંત્ર માટે સામાન્ય પ્રક્રિયા છે. પરંતુ જાહેરનામાના અમલની પદ્ધતિ નાગરિકો માટે ઘણી વખત પીડારૂપ પણ બની જાય છે. આમ તો તહેવારો દરમિયાન આ પ્રકારના જાહેરનામાથી લોકોને પરેશાની સર્જતી પ્રવૃત્તિનો અતિરેક કરનારાં ઉપર અંકુશ મુકી શકાય છે. પરંતુ તહેવારોની ઉજવણીનો આનંદ અને સમયમર્યાદાનો તાલમેલ થતો નથી. દિવાળીના તહેવારો દરમિયાન રાતના સમયે ફટાકડા ફોડવાની પરંપરા છે.





## ગીર સોમનાથ જિલ્લાને સહાયથી બાકાત રાખ્યો હોવાનો ખેડૂતોનો આક્ષેપ

। પ્રતિનિધિ, ગીર સોમનાથ, તા.૨૭ ।

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો માટે સહાય તો જાહેર કરવામાં આવી છે છતાં જગતનો તાત રાતા પાણીએ રોવા માટે મજબૂર છે. આ વર્ષે અતિવૃષ્ટિને કારણે ગીર સોમનાથ જિલ્લાના ખેડૂતોને ભારે માત્રામાં નુકસાન થયું છે. જોકે રાજ્ય સરકારે રાહત પેકેજની જાહેરાત કરી. પરંતુ ખેડૂતોનું કહેવું છે કે સમગ્ર ગીર સોમનાથ જિલ્લાને સહાયથી બાકાત રાખવામાં આવ્યો છે.ઓક્ટોબર મહિના પહેલાનું જે નુકસાન થયું હતું.એના માટે અધિકારીઓએ સર્વે કર્યો હતો. પરંતુ હજુ સુધી સહાય ન મળી હોવાનો પણ ખેડૂતોએ આક્ષેપ કર્યો છે. સહાયમાં જિલ્લાનું નામ જ ન આવતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે.ખેડૂતો ખૂબ જ નિરાશા સાથે આક્ષેપો કરી રહ્યાં છે કે અગાઉ થયેલા નુકસાનની મદદ મળી નથી અને હવે તો મદદની આશા પણ નથી. આ માવઠાનો માર સહન થાય એ માટે તો સરકાર કંઈ વિચારે દિવાળીનો તહેવાર પણ નજીક છે. ત્યારે ખેડૂતો માગ કરી રહ્યાં છે.

## પાકિસ્તાનમાં સંપર્ક, મોબાઇલમાંથી કોસ્ટગાર્ડની જાસૂસીના પુરાવા મળ્યા

। પ્રતિનિધિ, પોરબંદર, તા.૨૭ ।

પોરબંદરમાં છેલ્લા થોડાક સમયથી કોસ્ટગાર્ડની બોટની માહિતી પાકિસ્તાન જતી હોવાની માહિતીને આધારે એટીએસ દ્વારા અલગ અલગ ટીમો બનાવી શંકાસ્પદ યુવક પર નજર રાખવામાં આવી હતી. જે બાદ આ શંકાસ્પદ યુવક પંકજ કોઠીયાની અટકાયત કરી તેની પૂછપરછ કરવામાં આવી હતી અને તેના મોબાઈલને એફએસએલમાં મોકલવામાં આવ્યો હતો.પંકજ કોટીયાની પૂછપરછ અને તેના મોબાઈલ પરથી તે પોરબંદરમાં રહેલી કોસ્ટગાર્ડની બોટનું લોકેશન અને માહિતી પાકિસ્તાની યુવતીને મોકલતો હોવાનું સામે આવ્યું હતું, જેના આધારે ગુજરાત એટીએસ દ્વારા પંકજ કોટિયા સામે ફરિયાદ નોંધ તેની ધરપકડ કરી છે.એટીએસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે સંવેદનશીલ માહિતી મોકલનાર યુવક પંકજ કોઠીયા પોરબંદરમાં એક કંપનીમાં તમાકુ પેકિંગ કરવનું કામકાજ કરે છે.

## સંખાણી મહેતા દ્વારા મોટા આંકડિયામાં ૯ થી ૧૫ નવેમ્બર સુધી ભાગવત સપ્તાહનું આયોજન

। વસંતભાઈ મહેતા દ્વારા, અમદાવાદ, તા.૨૭ ।

અમરેલી જિલ્લાના મોટા આંકડિયા ગામે સૌરાષ્ટ્ર બાજ઼ ખેડાવાળ બ્રાહ્મણ શંખાણી મહેતા પરિવાર ના સ્થાનક કુળદેવી ફુલેશ્વરી માતાજી અને સુરધન બાપા ના આશીર્વાદથી તારીખ ૯ થી ૧૫ નવેમ્બર સુધી શ્રીમદ ભાગવત સપ્તાહ નું આયોજન કરવામાં આવ્યુંછે. પોથી યાત્રા તા. ૯મી એ બપોરના ત્રણ વાગે માતાજીના સ્થનેકથી નીકળશે. ભાગવત સપ્તાહનું રસપાન શાસ્ત્રી દીપકભાઈ પ્રભાશંકર મહેતા કરાવશે. કથાનો સમય સવારે ૯:૦૦ થી ૧૨ બપોરે ૩:૩૦ થી ૬:૩૦ સુધી કથા દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું છે. કથા દરમિયાન નરસિંહ અવતાર વામન અવતાર કૃષ્ણ જન્મોત્સવ એમાં જ ગોવર્ધન પૂજા રુકમણી વિવાહ નું રસપાન પણ શાસ્ત્રીજી દ્વારા આપણને સાંભળવા મળશે. તા. ૧૫ મી એ બપોરના ૧૨:૦૦ કલાકે કથાની પુર્ણાવતી કરવામાં આવશે . કથા દરમિયાન સવારે નાસ્તો બપોરે અને સાંજે ભોજન ની વ્યવસ્થા પણ જ્ઞાતિ બંધુ માટે કરવામાં આવી છે એમ જ બહારગામ થી આવેલા ભાઈ બહેનો માટે રહેવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી કિર્તીભાઈ મહેતા, શ્રી ભરતભાઈ મહેતા, ડોક્ટર ભરતભાઈ મહેતા વિજયભાઈ મહેતા આર પી મહેતા તેમજ પરેશભાઈ મહેતા સહિત અન્ય બંધુઓએ સાથ સહકાર આપી સહયોગ આપ્યો છે .

## ૬૦૦ને બદલે હવે પ્રવાસીઓએ ૬૯૯ રૂપિયા ચૂકવવા પડશે

# ભક્તોને મોટો ફટકો ! ગિરનાર રોપ-વેના ભાડામાં સીધો ૧૦૦ રૂપિયાનો વધારો કરાયો

। પ્રતિનિધિ, જુનાગઢ, તા.૨૭ ।

હાલ જાહેર જનતા પર ચારેતરફ મોંઘવારીનો માર પડી રહ્યો છે. ત્યારે આ વચ્ચે ગિરનાર પર્વત પર જવા રોપ-વે ના ભાડામાં પણ વધારો કરાયો છે. દિવાળી પહેલા ગિરનાર રોપ વેના ભાડામાં ૧૦ ટકા વધારો કરાયો છે. ગિરનાર પર્વત પર આવન જાવન માટે પહેલા ૬૦૦ રૂપિયા ભાડું વસૂલાતું હતું. પરંતું ૬૦૦ રૂપિયાને બદલે હવે પ્રવાસીઓએ રૂ.૬૯૯ ચૂકવવા પડશે.



ગિરનાર રોપ-વેમાં ચાર વર્ષ બાદ ભાડામાં વધારો કરાયો છે. રોપ-વેનું સંચાલન કરતી ઉષા બ્રેકો લિમિટેડે ગિરનાર રોપ-વેનું ભાડું ૧૦% વધાર્યું છે. વધતા ખર્ચ અને મેન્ટેન્સની બાબતને ધ્યાને લઈ રોપ વે ઓથોરિટી દ્વારા કરાયો વધારો છે. જોકે, જૂનાગઢના સ્થાનિક લોકો અને ડોલીવાળાઓ માટે ભાડામાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી.

વર્ષ ૨૦૨૨ માં ગીરનાર રોપ-વેની મુસાફરીની ટીકીટનો ભાવ ૭૦૦ રૂપિયા હતો. ગીરનાર રોપ વેની મુસાફરીમાં ૧૩% જીએસટીનો ઘટાડો થતા ટિકિટના ભાવ ઓછા કરાયા હતા. રોપ વેના આવન જાવન માટે ૭૦૦ રૂપિયાની જગ્યાએ ભાવ ઘટાડીને ૬૨૩ રૂપિયા કરવામાં આવ્યા હતા. ત્યારે બે વર્ષ બાદ હવે ભાવમાં વધારો કરવામાં આવ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તા.૨૪/૧૦/૨૦૨૦ના રોજ એશિયાના સૌથી મોટા ગિરનાર રોપ-વેનું લોકાર્પણ કર્યું હતું. ત્યારબાદ ૨૫ ઓક્ટોબરથી પ્રવાસીઓ માટે રોપ-વે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેનો અત્યાર સુધીમાં લાખો પ્રવાસીઓએ રોપ-વેમાં સફર કરી ગુજરાતના સૌથી ઉંચા શિખર પર બિરાજતા મા અંબાના દર્શન કરી ધન્યતા અનુભવી છે.

## સિહોરમાં હત્યાના કેસમાં આરોપીને આજીવન કેદની સજા ફટકારાઈ

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૨૭ ।

ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના આંબલા ગામે અઢી વર્ષ પુર્વે દીકરા અને દીકરીના વેવિશાળ બાબતે બે પરિવારો વચ્ચે થયેલા લડાઈ ઝઘડો અને મારામારીમાં એક યુવકની હત્યા થઈ હતી. આ હત્યાના ગુનામાં સંડોવાયેલા આરોપી સામે કેસ ચાલી જતા ભાવનગરના ડીસ્ટ્રીક્ટ જજે ગુનો સાબીત માની આરોપીને આજીવન કેદની સજા ફટકારી છે. જ્યારે આજ ગુનામાં સંડોવાયેલા અન્ય બે આરોપીઓને ૭ વર્ષની કેદની સજા કરી છે. જ્યારે સામા પક્ષે નોંધાયેલ કેસમાં સંડોવાયેલા આરોપીઓને ૩ વર્ષની કેદની સજા કરવામાં આવી છે.ફરીયાદી કુટુંબી ભાઈ અશ્વીનભાઈને એક યુવતી સાથે પ્રેમ સંબંધ હતો અને તેની સગાઈ અન્ય સાથે થઈ ગઈ હતી. અશ્વીનભાઈ દીલીપભાઈ વાઘેલા ઉ.૨૦ ને આરોપી કિશનભાઈ પ્રવિણભાઈ ચૌહાણ (ઉ.૨૩, રહે. આંબલા ગામ ખારડી તા.શિહોર) તથા વીમલભાઈ મુકેશભાઈ ચૌહાણની સાથે ફોનમાં યુવતીની સગાઈ મામલે બોલાચાલી થઈ હતી.

## થરાદથી નવું બાઈક લઈ માંગરોળ દર્શન કરવા જતા બે જણાનાં મોત

। પ્રતિનિધિ, થરાદ, તા.૨૭ ।

થરાદ-સાંચોર હાઈવે પર સીએનજી પંપ પાસે બાઈક અને ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાતાં બાઈક સવાર બે જણાંના મોત નીપજ્યા હતા જ્યારે અન્ય બેને ઈજા થતાં સારવાર અર્થે ખસેડાયા હતા. અકસ્માત બાદ ચાલક ગાડી લઈને ફરાર થઈ ગયો હતો. મળતી માહિતી મુજબ થરાદથી નવું મોટરસાયકલ ખરીદી કરી ને થરાદના વાલ્મીકિ સમાજના ચાર લોકો મોટરસાયકલ લઈને માતાજીના દર્શન અર્થે જઈ રહ્યા હતા ત્યારે થરાદના સાંચોર હાઈવે પર આવેલા સીએનજી પંપ પાસે માતેલા સાંઢની માફક આવી રહેલા ટ્રેલરના ચાલકને અડફેટે લીધું હતું જેમાં બાઈકસવાર બે લોકો પરથી ટ્રેલરના ટાયર ફરી વળતાં બંનેનાં ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે અન્ય સવાર બે લોકોને ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક ૧૦૮ મારફતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.



## નકલી કોર્ટના નકલી જજ સાહેબ જે નકલી ઓર્ડર કરીને લોકોને છેતરતા

# ગાંધીનગરના શિક્ષણ નિયામકના નકલી પત્ર અને સિક્કાનો ઉપયોગ કરી અનેક શિક્ષકોને છેતર્યા !

### હવે નકલી નિયામક માર્કેટમાં આવ્યા છે આ નકલી નિયામક બદલીના ઓર્ડર આપી પૈસા પડાવતા હતા

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૭ ।

ગુજરાતમાં નકલીએ તો મજા મુકી છે. નકલી વસ્તુ, નકલી કચેરી, નકલી ખાદ્યપદાર્થ, નકલી કોર્ટ, નકલી જજ, પછી હવે નકલી નિયામક માર્કેટમાં આવ્યા છે. આ નકલી નિયામક બદલીના ઓર્ડર આપી પૈસા પડાવતા...પરંતુ કોઈની બદલી થતી નહતી. બનાસકાંઠામાં બેસીને ગાંધીનગરના શિક્ષણ નિયામકના નકલી પત્ર અને સિક્કાનો ઉપયોગ કરી અનેક શિક્ષકોને છેતર્યા. જ્યારે તેનો ભાંડો ફૂટી ગયો તો બચાવમાં કહેવા લાગ્યો કે મને ફસાવવામાં આવ્યો છે. કોણ છે નકલીનો ખેલ ખેલનારો આ નકલી નિયામક? શું કર્યા તેને કાંડ?



જે ગુજરાત મોડલની સમગ્ર દેશમાં ચર્ચા થાય છે, બીજા રાજ્યોને ગુજરાતના વિકાસને પ્રેરણા લેવા માટે કહેવાય છે તે ગુજરાતમાં શું થઈ રહ્યું છે? એવી કોઈ સજીવ કે નિર્જીવ વસ્તુ નથી જે ગુજરાતમાં નકલી ન હોય. પછી તે ખાદ્યપદાર્થ હોય કે પછી રોજિંદા વપરાશમાં લેવાની વસ્તુ...બધુ જ નકલી છે. નકલી ઘી, નકલી ખાતર, નકલી એન્જિન ઓઈલ અને હવે આવી ગયા નકલી જજ સાહેબ... હા, નકલી કોર્ટના નકલી જજ સાહેબ. જે નકલી ઓર્ડર કરીને લોકોને છેતરતા હતા. અને પોતાના ખિસ્સા ભરતાં હતા. પણ હવે તેમનો ભાંડો ફૂટી ગયો તે જેલની હવા મનભરીને માણશે.

નકલી PMO અધિકારી અને નકલી CMO અધિકારીને તમે ઓળખતા જ હશો. આ બન્ને નકલી અધિકારી જેલમાં છે ત્યાં નકલી જજ આવ્યા. આ નકલી જજની સાહી હજુ સુકાઈ નથી, ત્યાં હવે નકલી નિયામક આવી ગયા છે. નામ છે બ્રિજેશ પરમાર. તેમનો નકલી હોદ્દો છે શિક્ષણ વિભાગના નિયામકનો. પરંતુ તેમનું અસલી કામ તો પ્રાથમિક શાળાના આચાર્યનું છે. બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકામાં આવેલી મજાદર ગામની પ્રાથમિક શાળાના આચાર્ય બ્રિજ પરમાર શિક્ષણ વિભાગના નિયામક બનીને લોકોને છેતરતા હતા. તેમની છેતરપિંડીનો ભોગ સૌથી વધુ શિક્ષકો જ બનતા હતા.

આવા જ એક શિક્ષક એટલે મીનાબહેન પટેલ જેઓ આ નકલી નિયામકનો ભોગ બન્યા. ઘટના કંઈક એવી છે કે થરાદના ડુવા ગામમાં શિક્ષિકા મીનાબહેન પટેલ અમદાવાદ રહેતા હતા. પુત્ર બીમાર હોવાતી તેમણે અમદાવાદ બદલીની માગણી કરી. બદલી કરાવવા માટે તેમણે રેફરન્સથી આ નકલી નિયામકનો કોન્ટેક્ટ કર્યો. બ્રિજેશ પરમારે પૈસા લઈને મીનાબહેનને બદલીનો ઓર્ડર આપી દીધો. અમદાવાદ ગ્રામ્યમાં બદલી થતાં મીનાબહેન ખુશખુશાલ થઈ ગયા. પરંતુ જ્યારે તેઓ બદલીના સ્થળે પહોંચ્યા તો ખબર પડી કે બ્રિજેશ પરમાર નિયામક છે જ નહીં. તેમને છેતરવામાં આવ્યા છે.શિક્ષિકા પોતે છેતરાયા હોવાનું ભાન થતાં તેમણે તાત્કાલિક બનાસકાંઠા જિલ્લા શિક્ષણ અધિકારીને આ મામલે ફરિયાદ કરી હતી.

---

#### સ્માર્ટ સિટીનો પાયો કાચો

## અમદાવાદ શહેરમાં પાયાની સુવિધા મુદ્દે ૨૨ લાખથી વધુ ફરિયાદો મળતા ખળભળાટ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદને સ્માર્ટ સિટી, રહેવાલાયક અને સુંદર શહેર ગણાવતા વિપક્ષી નેતાએ આક્ષેપ કર્યો છે કે AMC તંત્ર અને શાસકો નાગરિકોને પ્રાથમિક સુવિધાઓ આપવામાં નિષ્ફળ ગયા છે. AMC બોર્ડની બેઠકમાં વિપક્ષી નેતાએ જણાવ્યું હતું કે છેલ્લા સાડા ત્રણ વર્ષમાં નાગરિકો દ્વારા પાણી, ગટર, રસ્તા, લાઈટિંગ, સ્વચ્છતા વગેરે જેવી પ્રાથમિક સુવિધાઓ અંગે ૨૨ લાખથી વધુ ફરિયાદો કરવામાં આવી છે.શાહવાડીમાં નકલી વચેટિયાઓ દ્વારા કરોડો રૂપિયાની જમીન માટે વારંવાર ઓર્ડર આપવાના મુદ્દે વિરોધ પક્ષના નેતાએ AMCના કાયદાકીય વિભાગની કામગીરી પર સવાલ ઉઠાવ્યા હતા અને બેદરકારી દાખવનાર અધિકારી સામે પગલાં લેવાની માંગ કરી હતી. કરોડોની જમીનના ઓર્ડરના કેસમાં કાર્યવાહી કરવાની વિપક્ષની માંગ વચ્ચે દિવસભર વિપક્ષી નેતાનું આ નિવેદન ચાલુ રહ્યું હતું. મેયરે પણ પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતા, ઝીરો અવર દરમિયાન વિપક્ષી નેતાએ કહ્યું કે અમદાવાદમાં નકલી જજ બાદ નકલી અધિકારીઓ આવીને મ્યુનિસિપલ કોર્પોરેશનની જમીનો અંગે ખોટા આદેશો કરી રહ્યા છે. બનાવટી મેયર અને કમિશનરો ન આવે તેનું ધ્યાન રાખો.

## ધ્રાંગધ્રામાં હડકાયા કૂતરાએ ૨૦થી વધુ લોકોને બચકાં ભરતાં હાહાકાર

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૨૭ ।

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા શહેરમાં આજે હડકાયા કુતરાએ બધાને સાગમટે કરડી ખાતા હાહાકાર મચ્યો હતો. શહેરમાં આશરે ૨૦થી વધુ લોકોને કૂતરું કરડી જતાં દેકારો મચ્યો હતો. જોકે ધ્રાંગધ્રા કે સુરેન્દ્રનગર જિલ્લામાં ઈન્જેક્શન કે રસી ના હોવાથી તમામ ૨૦ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે અમદાવાદ ખસેડાયા હતા. મળતી માહિતી મુજબ, ધ્રાંગધ્રા શહેરમાં એક હડકવા ઉપડેલા કૂતરાએ અંદાજિત ૨૦ જેટલાં લોકોને કરડીને રીતસરનો આતંક મચાવ્યો હતો. શહેરમાં ઝાલારોડ, નવયુગ રોડ અને ક્લબ રોડ વિસ્તારમાં દિવાળીના તહેવારોને લીધે ખરીદી માટે લોકોની ભીડ જોવા મળતી હોય છે. તેવામાં હડકાયું કૂતરું કરડતા ૨૦ લોકોને ધ્રાંગધ્રા સરકારી હોસ્પિટલ પ્રાથમિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં.હડકવા ગંભીર રોગની શ્રેણીમા લોકોના જીવ લઈ શકે છે.









## તંત્રી લેખ..

# ફર્ટિલિટી સેન્ટર વધ્યા

હાલના સમયમાં સમયસર બાળકો નહીં થવાની સમસ્યા ભારતની સાથે સાથે દુનિયાના દેશોમાં જોવા મળે છે. દંપત્તિ આ સમસ્યાને લઈને દુખી પણ થઈ રહ્યા છે. આ સમસ્યા આજે સમગ્ર દુનિયામાં જોવા મળે છે પરંતુ અમારા દેશમાં બદલાઈ રહેલી લાઈફ સ્ટાઈલના કારણે આ સમસ્યા વધારે ગંભીર બની રહી છે. અમારા દેશમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ફર્ટિલિટી સેન્ટરોની સંખ્યા ૧૦ ગણી વધી ગઈ છે. શોધથી એવુ જાણવા મળ્યુ છે કે ભારતમાં ૨.૮ કરોડ દંપત્તિ ઈનફર્ટિલિટીનો શિકાર બની ગયા છે. ઈનફર્ટિલિટી સમસ્યા માત્ર ભારતમાં શહેરી વિસ્તારોમાં રહેતા લોકોની સમસ્યા નથી બલ્કે ગ્રામીણ વિસ્તારોમાં પણ આ સમસ્યા ઉભરી આવી છે. આ સમસ્યા માત્ર મહિલાઓ સુધી પણ મર્યાદિત રહી નથી. આના મુખ્ય કારણ તરફ ધ્યાન આપવામાં આવે તો મોટી વયમાં લગ્ન, ટેન્શન ભરેલી લાઈફ સ્ટાઈલ, થાઈરોઈડ જેવી સમસ્યા પણ છે. આધુનિક સમયમાં પરિવાર કરતા લોકો કેરિયરને વધારે મહત્વ આપી રહ્યા છે જેથી પણ આ સમસ્યા ગંભીર બની રહી છે. ઈનફર્ટિલિટીની સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે ઈનફર્ટિલિટી માત્ર મહિલાઓની સમસ્યા નથી. જરૂર એ બાબતની છે કે મહિલા અને પુરૂષ બંનને આ સમસ્યાને ગંભીરતાથી હાથ ધરવાની જરૂર હોય છે. ટેકનોલોજી આજના સમયમાં એટલી વધારે વિકસિત થઈ ચુકી છે કે તમે એવા દિવસોથી ઓળખ ઘરમાં પણ કરી શકો છો જ્યારે આપની સગર્ભા બનવાની તક વધારે રહે છે. જે લોકો વિચારે છે કે ભારતની મહિલાઓ ટેકનોલોજીનો ઉપયોગ વધારે સારી રીતે કરી શકતી નથી તે લોકોની ગણતરી ખોટી છે. હાલમાં જ કરવામાં આવેલા અભ્યાસ બાદ જાણવા મળ્યુ છે કે મહિલાઓ હવે ઘરમાં બેસીને પોતાના ફર્ટિલિટીના દિવસોની ઓળખ કરી શકે છે. એક એપની મદદથી આની ઓળખ કરી શકે છે. આ એપ પાંચ મિનિટમાં રિઝલ્ટ દર્શાવે છે. જે બેબી માટે ટ્રાય કરી રહ્યા છે તેમના માટે આ ઉપયોગી છથે. ક્યા ક્યા દિવસો તેમના માટે ફર્ટિલિટી માટે યોગ્ય છે. જે સ્માર્ટ ફોન હેન્ડલ કરી શકે છે તે તેને સરળતાથી ઉપયોગ કરી શકે છે. એપ દર્શાવે છે કે આપને ક્યારે ટેસ્ટ કરાવવા છે. આ ડિવાઈસની કિંમત ત્રણ હજાર રૂપિયા છે. આની સાથે આપને એક ટેસ્ટ સ્ટ્રિપ પણ મળે છે. ટેસ્ટ સ્ટ્રિપ સિંગલ યુઝ છે. એટલે કે એક વખત ઉપયોગ કરવામાં આવ્યા બાદ તેનો ઉપયોગ કરી શકાય નહીં. ઈનફર્ટિલિટી મોનિટર એક પોર્ટેબલ હોમ ડાયગ્નોસ્ટિક ટેસ્ટ ડિવાઈસ છે. જે ઈનિટો એપ અને સ્ટ્રિપની સાથે મળે છે. એક ચક્રમાં કેટલાક દિવસો જ ફર્ટાઈલ હોય છે. જ્યારે એક મહિલાના ગર્ભવતી થવાની તક હોય છે. એપ મારફતે ટેસ્ટ કરવાની બાબત સરળ છે. ડિવાઈસની સાથે ટેસ્ટ સ્ટ્રિપ મળે છે. સ્ટ્રિપ પર બ્લડ, યુરિન અને સ્લાઈવાના ટિપા મુકીને કેપ લગાવીને ડિવાઈજમાં નાંખવામાં આવે છે. ડિવાઈસને ત્યારબાદ ફોન સાથે અટેચ કરવામાં આવે છે. પાંચ મિનિટની અંદર તે કોઈ મોટી લેબની જેમ યોગ્ય પરિણામ આપના ફોન પર ઉપલબ્ધ કરાવે છે. કેટલાક મોટા શહેરોમાં જ આનો વધારે ઉપયોગ થઈ રહ્યો છે તે અંગે તપાસ કરવામાં આવતા આ બાબત ખોટી સાબિત થઈ હતી.છે.

# યોગ આર્થરાઇટિસ પીડાને ઘટાડે છે




વિશ્વના દેશોમાં યોગનો ક્રેઝ સતત વધી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પહેલ પર સંયુક્ત રાષ્ટ્ર દ્વારા થોડાક વર્ષો પહેલા યોગને માન્યતા આપી દેવામાં આવ્યા બાદ યોગના કારોબારનુ કદ સતત વધી રહ્યુ છે. બીજી બાજુ યોગના રહેલા ફાયદા પણ લોકોની સામે આવી રહ્યા છે. હવે એવુ પણ જાણવા મળ્યુ છે કે વધતી વયમાં આર્થરાઈટિસના ખતરાને પણ યોગ ઘટાડી દે છે. આર્થરાઈટિસની સારવાર વેળા ખાવા પીવાની ચીજોથી લઈને સાવધાની રાખવાની તાકીદની જરૂર હોય છે. નિષ્ણાંતોની સલાહથી જીવનશેલી બદલીને આગળ વધી શકાય છે. આવી ચીજો ઓછી ઉપયોગમાં લેવી જોઈએ જેના કારણે એસિડ બને છે. નિયમિત યોગની કસરત કરવાથી ખુબ ફાયદા થાય છે. આર્થરાઈટિસની કલીફ વધતી વયની સાથે સાથે આવે છે. વધતી વયની એક મોટી અને ગંભીર સમસ્યા તરીકે આને જોઈ શકાય છે. જો કે કેટલાક લોકો માને છે કરે માંસપેશિઓ અને જોડમાં દુખાવાની ફરિયાદ અને સમસ્યા વધતી વયની સાથે થાય છે. જો કે આ પ્રકારની વિચારધારા ખોટી છે. ભાગદોડની લાઈફમાં યુવાનો પણ આ બિમારીના સકંજામાં આવી રહ્યા છે. આ રોગના કારણે વ્યક્તિની આખા દિવસની ગતિવિધી ખોરવાઈ જાય છે. પિડા અને દુખાવાની સ્થિતી એવી હોય છે કે વ્યક્તિ માનસિક રીતે તુટી જાય છે. આવી સ્થિતીમાં સંયમની સાથે જીવનશેલીમાં ફેરફાર કરીને આગળ વધી શકાય છે. આનાથી રાહત મેળવી લેવા માટે યોગ ક્રિયાઓ હાથ ધરવામાં આવે તે જરૂરી છે.આ રોગથી ગ્રસ્ વ્યક્તિ માનસિક વિકારની ચપેટમાં આવી જાય છે. આનાથી બચવા માટે કેટલાક યોગની સલાહ નિષ્ણાં લોકો આપે છે. જેમાં શવાસન, સહિતના યોગ સામેલ છે. આ રોગના કારણે પિડાથી વ્યક્તિ માનસિક રીતે દુખી થઈ જાય છે. માનસિક રીતે મજબુર થઈ જાય છે અને તે કામમાં ધ્યાન આપી શકતી નથી. આર્થરાઈટિસની મન અને શરીર પર સીધી રીતે અસર થાય છે. તેમાં પિડામાં ઘટાડો થાય તે જરૂરી છે. વધતી જત વયની સાથે સાથે આર્થરાઈટિસની સમસ્યાથી બચવા માટે કેટલાક પ્રયોગો કરી શકાય છે., આ સમસ્યાથી દુર રહેવા માટે યોગની નિયમિત પ્રેકટીસ શરીર માટે ફાયદાકારક સાબિત થાય છે. મેડિટેશનથી રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. આમાં થનાર ઉતારચઢાવને સંતુલિ રાખવામાં યોગ અસરકારક ભૂમિકા અદા કરે છે. વધતી વયની સાથે યોગ કરવામાં આવે તો સીધો ફાયદો થાય છે. યાદશક્તિમાં પણ વધારો થાય છે. યોગના કારણે દુનિયાના તમામ દેશો ભારત સાથે જોડાઈ રહ્યા છે. છેલ્લા ચાર વર્ષના ગાળામાં ખુબ મોટી સંખ્યામાં યોગ ફીચર્સની માંગ વધી છે. વિશ્વમાં યુવાઓ માટે એક નવા જોબ માર્કેટની રચના થઈ છે. ભારતના પ્રયાસોના કારણે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા યોગ દિવસને માન્યતા આપવામાં આવી હતી. આના માટે ૨૧મી જુનની પસંદગી કરવામાં આવી કારણ કે તે દુનિયાના મોટા ભાગના હિસ્સામાં સૌથી લાંબા દિવસ તરીકે રહે છે. મોદીએ યોગને પણ દરરોજના જીવના એક હિંસ્સા તરીકે બનાવી લેવા મોદીએ અપીલ કરી હતી. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરવામાં આવેલા તમામ દિવસોમાં યોગ દિવસ જ જન આંદોલન તરીકે છે. યોગ મૃત્યુ બાદ શુ મળશે તેના માટેનો રસ્તો બતાવનાર નથી જેથી તે ધાર્મિક કર્મકાંડ નથી. આ પરલોક વિજ્ઞાન નથી. એક પણ પૈસા ખર્ચ કર્યા વગર આના કારણે હેલ્થ વીમા મળી જાય છે. યોગ નાસ્તિક અને આસ્તિક બન્ને માટે છે. મોદીએ કહ્યુ હતુ કે લોકો તેમને યોગ અંગે પુછે છે ત્યારે તેઓ સરળ ભાષામાં એ બાબત સમજી દેવાના પ્રયાસ કરે છે જે જે રીતે ભોજનમાં મીઠુ ઉપયોગી હોય છે તે જ રીતે યોગ પણ જીવનમાં ઉપયોગી છે. જે રીતે મીઠુ ન હોય તો ભોજનની મજા આવતી નથી તે જ રીતે યોગ છે. આને લાઈફના એક હિસ્સા તરીકે અપનાવવા માટે મોદીએ લોકોને અપીલ કરી હતી. શરીર, આત્માને જોડવાનુ કામ યોગે કર્યુ છે. .



આજકાલ

લેખક : દીપક જગતાપ

**૧૮એપ્રિલ, વિશ્વ હેરિટેજ દિવસ : વિશ્વની સાંસ્કૃતિક અને ઐતિહાસિક ધરોહરોને સંરક્ષિત રાખવા માટેનો સંકલ્પ**

**વર્લ્ડ હેરિટેજ સાઇટ એક એવી જગ્યા છે જે સંયુક્ત રાષ્ટ્રની શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંસ્થા દ્વારા સાંસ્કૃતિક મહત્વ તરીકે સૂચિબદ્ધ કરવામાં આવી છે વિશ્વ હેરિટેજ દિવસ આપણી વારસાની સંસ્કૃતિના સંગ્રહ અને જાળવણી કરવાની તક આપે છે જે પ્રાચીન મહત્વ ધરાવે છે**

# ૧૮ એપ્રિલને વર્લ્ડ હેરિટેજ ડે તરીકે ઉજવવાની શરૂઆત ૧૯૮૨થી થઈ આ પ્રસ્તાવને નવેમ્બર ૧૯૮૩માં યૂનેસ્કોએ માન્યતા આપી

**યુનેસ્કોના વર્લ્ડ હેરિટેજ સેન્ટર દ્વારા જણાવ્યા મુજબ હેરિટેજ એ ભૂતકાળનો આપણો વારસો છે, આપણે આજે જેની સાથે જીવીએ છીએ, સાંસ્કૃતિક અને કુદરતી વારસો અમૂલ્ય અને બદલી ન શકાય તેવી સંપત્તિમાં શામેલ છે**

વિશ્વની સાંસ્કૃતિક અને ઐતિહાસિક ધરોહરોને સંરક્ષિત રાખવા માટે યૂનેસ્કો દ્વારા દર વર્ષે ૧૮ એપ્રિલના રોજ વર્લ્ડ હેરિટેજ ડે ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણી કરવાનું કારણ એ પણ છે કે તેના માધ્યમથી લોકોને ઐતિહાસિક સ્થળોના મહત્વ વિશે જાણકારી મળી શકે. આ દિવસની ઉજવણી સાથે લોકો સુધી સંદેશ પણ પહોંચે છે કે આપણી ઐતિહાસિક ધરોહરોની સંભાળ રાખવાની પણ જરૂર છે.

આ ઐતિહાસિક સ્થળોનું આંતરરાષ્ટ્રીય મહત્વ પણ હોય છે. આ યાદીમાં એવા સ્થળનો સમાવેશ કરવામાં આવે છે જેને યૂનેસ્કો દ્વારા માન્યતા પ્રાપ્ત હોય. કોઈ સ્થાન વિશે યૂનેસ્કો માને કે માનવ સંસ્કૃતિ માટે તે જરૂરી છે અને તે સ્થાનનું સાંસ્કૃતિક અને ભૌતિક મહત્વ છે તો તેને વિશ્વ ધરોહર તરીકે માન્યતા મળે છે.



વર્લ્ડ હેરિટેજ સાઈટ એક એવી જગ્યા છે જે સંયુક્ત રાષ્ટ્રની શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંસ્થા દ્વારા સાંસ્કૃતિક મહત્વ તરીકે સૂચિબદ્ધ કરવામાં આવી છે. વિશ્વ હેરિટેજ દિવસ આપણી વારસાની સંસ્કૃતિના સંગ્રહ અને જાળવણી કરવાની તક આપે છે જે પ્રાચીન મહત્વ ધરાવે છે.

૧૮ એપ્રિલને વર્લ્ડ હેરિટેજ ડે તરીકે ઉજવવાની શરૂઆત ૧૯૮૨થી થઈ. આ પ્રસ્તાવને નવેમ્બર ૧૯૮૩માં યૂનેસ્કોએ માન્યતા આપી અને ત્યારબાદ દર વર્ષે ૧૮ એપ્રિલના રોજ આ દિવસ ઉજવાય છે. યૂનેસ્કોની યાદીમાં ખાસ સ્થળ જેવા કે વન ક્ષેત્ર, પર્વત, તળાવ, સ્મારક, ભવન કે શહેરનો સમાવેશ થાય છે.પહેલા દુનિયાના લગભગ ૯૮૧ સ્થળોને વિશ્વ વિરાસત સ્થળ તરીકે જાહેર કરવામાં આવ્યાહતા . જેમાં ઈટલીના ૪૯, ચીનના ૪૫, સ્પેનના ૪૪, ફ્રાંસ અને જર્મનીની ૩૮ ધરોહરનો સમાવેશ થતો હતો પછી ક્રમશઃએમાં ઉમેરો થતો રહ્યો.યૂનેસ્કોએ વર્લ્ડ હેરિટેજ સાઈટમાં ભારતના ૩૮ સ્થળનો સમાવેશ કર્યો છે

સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા યુનેસ્કોની પહેલથી કરવામાં આવેલી આંતરરાષ્ટ્રીય સંધિ, વિશ્વના વારસાના સંરક્ષણ માટે પ્રતિબદ્ધ છે આ સંધિ વર્ષ ૧૯૭૨ માં લાગુ કરવામાં આવી હતી. સંધિ હેઠળ મુખ્ય ત્રણ શ્રેણીની ધરોહરોનો સમાવેશ કરવામાં આવ્યો હતો, પ્રાકૃતિક ધરોહર સ્થળ, સાંસ્કૃતિક ધરોહર સ્થળ અને મિશ્ર ધરોહર સ્થળ.

વર્ષ ૧૯૮૨ માં, ઈકોમાર્ક નામની સંસ્થાએ ટ્યુનિશિયામાં આંતરરાષ્ટ્રીય મેમોરિયલ અને સાઈટ ડેનું આયોજન કર્યું હતું. આ સંમેલનમા એ મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો કે વિશ્વભરમાં આ પ્રકારનો દિવસ ઉજવવા માટે કંઈક આયોજન કરવું જોઈએ. ત્યારબાદ યૂનેસ્કોના મહાસંમેલનની મંજૂરી બાદ ૧૮ એપ્રિલને વિશ્વ ધરોહર દિવસ જાહેર કરાયો તે પહેલા ૧૮ એપ્રિલ વિશ્વ સ્મારક અને પુરાતત્વ સ્થળ દિવસ તરીકે ઉજવવાની પરંપરા હતી.

આખા વિશ્વમાં કુલ ૧૧૨૧ ધરોહરો આવેલી છે. જેમાં ૮૬૯ સાંસ્કૃતિક ધરોહરો, ૨૧૩ કુદરતી કે પ્રાકૃતિક ધરોહરો અને ૩૯ મિશ્ર ધરોહર છે. જેમાંથી ભારતમાં કુલ ૩૮ ધરોહર આવેલી છે, જેમાં ૩૦ સાંસ્કૃતિક ધરોહર, ૭ કુદરતી કે પ્રાકૃતિક ધરોહર અને ૧ મિશ્ર ધરોહરનો સમાવેશ થાય છે.

૧૯૯૬ માં હેરિટેજ ડે નિમિત્તે એક સંબોધનમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ નેલ્સન મંડેલાએ કહ્યું, જયારે અમારી લોકશાહી રીતે ચૂંટાયેલી પ્રથમ સરકારે હેરિટેજ ડે ને આપણા રાષ્ટ્રીય દિવસોમાંનો એક બનાવવાનો નિર્ણય કર્યો ત્યારે અમે તે કર્યું કારણ કે આપણે જાણીએ છીએ કે આપણી સમૃદ્ધ અને વૈવિધ્યસભર સાંસ્કૃતિક વારસો છે આપણા નવા રાષ્ટ્રના નિર્માણમાં મદદ કરવા માટે એક ગહન શક્તિ છે.

યુનેસ્કોના વર્લ્ડ હેરિટેજ સેન્ટર દ્વારા જણાવ્યા મુજબ હેરિટેજ એ ભૂતકાળનો આપણો વારસો છે, આપણે આજે જેની સાથે જીવીએ છીએ, સાંસ્કૃતિક અને કુદરતી વારસો અમૂલ્ય અને બદલી ન શકાય તેવી સંપત્તિમાં શામેલ છે, ફક્ત દરેક રાષ્ટ્રની જ નહીં, પરંતુ સમગ્ર માનવતાની. વર્લ્ડ હેરિટેજ એ માનવજાતની વહેંચાયેલ સંપત્તિ અને જવાબદારી છે. તેથી, આ મૂલ્યવાન સંપત્તિનું રક્ષણ અને સંરક્ષણ આંતરરાષ્ટ્રીય સમુદાયના સામૂહિક પ્રયત્નોની માંગ કરે છે. આમ, આ વિશેષ દિવસ ઉજવવાથી વારસાની વિવિધતા અને તેના બચાવ અને સંરક્ષણ માટે જરૂરી પ્રયત્નો તરફ ધ્યાન દોરવા માટે લોકોમાં જાગૃતિ લાવવાની તક મળે છે.

ભારતમાં એક કરતાં વધુ કલાના નમૂનાઓ, સુંદર ઈમારતો છે જે દાયકાઓ પહેલાં બાંધવામાં આવી હતી અને આજે પણ તેમની ઉત્કૃષ્ટ સુંદરતા માટે વિશ્વભરમાં જાણીતી છે. વર્લ્ડ હેરિટેજ ડે એટલે કે વર્લ્ડ હેરિટેજ ડે સંસ્કૃતિ અને સભ્યતાને પ્રોત્સાહન આપવા માટે ઉજવવામાં આવે છે. ભારતમાં એવા ઘણા ઐતિહાસિક સ્થળો છે જે સંસ્કૃતિ, હસ્તકલા અને કલાના રૂપમાં પણ વિશેષ મહત્વ ધરાવે છે. તમારા પરિવાર સાથે આ સ્થળોની મુસાફરી એ શ્રેષ્ઠ અનુભવોમાંનો એક છે. કુદરતી છાંયો વચ્ચે, આ ઐતિહાસિક ઈમારતો માત્ર ઈતિહાસની ઝલક જ રજૂ કરતી નથી, પરંતુ તમે તેમના અસ્તિત્વને વધુ સારી રીતે સમજી શકો છો...

ભારતમાં એવી ઘણી સુંદર સાઈટ છે જેને યુનેસ્કો તરફથી વર્લ્ડ હેરિટેજ સાઈટ ઘોષિત કરવામાં આવી છે અને બીજી ઘણી હેરિટેજ સાઈટ છે જે આ પદ માટે રાહ જોઈ રહી છે.

ઘણી પ્રાચીન ધરોહરવાળા દેશ ભારતમાં આ સમયે એક કે બે નહી પરંતુ ૧૫ એવી જગ્યા છે. જેને યુનેસ્કો તરફથી વર્લ્ડ હેરિટેજ સાઈટ ઘોષિત કરવાની રાહ જોવાઈ રહી છે. તો જાણો એવી કઈ ૧૫ જગ્યા છે જે વર્લ્ડ હેરિટેજ સાઈટ બની શકે છે.

### બિશનપુર મંદિર

આ મંદિરનું નિર્માણ ૧૬૦૦ થી ૧૬૫૫ વચ્ચેના સમયગાળામાં થયું હતું.

### સુવર્ણ મંદિર

આ મંદિરની સ્થાપના શીખ ધર્મનો સંદેશ દુનિયા સુધી પહોચાડવા માટે ૧૫૭૪ માં શીખોના ચોથા ગુરુ રામદાસે કરી હતી.

### ગોલકુંડા નો કિલ્લો

હેદરાબાદનો ગોલકુંડા નો કિલ્લો પણ તેમાં શામિલ છે.

### કાકાત્ય મંદિરઃ

તેલંગાના રાજ્યના કાકાત્ય મંદિરના પ્રવેશ દ્વારને પણ વર્લ્ડ હેરિટેજ માં સ્થાન મળી શકે છે.

### લોટસ મંદિર

બધા ધર્મોને સમાન ભાવ રાખવા માટે દિલ્હીમાં લોટસ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

### મુગલ ગાર્ડસ

કાશ્મીરના ૬ સુંદર બગીચાને મુગલ ગાર્ડસનું નામ આપવામાં આવ્યું છે. જેમાં શાલીમાર ગાર્ડન પણ શામિલ છે.

### શાંતિનિકેતન

રાજધાની કલકતાના આવેલું શાંતિનિકેતન પણ વર્લ્ડ હેરિટેજનો ભાગ બની શકે છે.

### મજુલી દ્વીપ

અસમના બ્રમાંપુત્ર નદીની વચ્ચો વચ મજુલી દ્વીપ આવેલું છે. મજુલી દ્વીપ લગભગ ૮૦ કિલોમીટરમાં ફેલાયેલું છે.

### માંડું ની ધરોહર

અહી ૬૧ એવી આતિહાસક ઈમારત છે જે દેશ માટે ખુબ જ અગત્યની છે.

### હોઈસલા

કર્ણાટકના હોઈસલામાં ઘણી આતિહાસક ઈમારતનું નિર્માણ થયું છે. તે સમયે લગભગ ૧૫૦૦ મંદિરનું નિર્માણ થયું હતું પરંતુ હવે માત્ર ૧૦૦ જેટલા જ બચ્યા છે.

### પદનાભામપુરમ મહેલ

કેરલથી લગભગ ૫૦ કિલોમીટર દુર તમિલનાડુ ના કન્યાકુમારી માં સ્થિત પદનાભામપુરમ મહેલ નું નિર્માણ ૧૬ મી સદીમાં થયું હતું.

### નાલંદા

બિહારમાં નાલંદાનો પોતાનો એક ગૌરવપૂર્ણ ઈતિહાસ છે.

### સારનાથ

ઉત્તરપ્રદેશના વારાણસીથી લગભગ ૮ કિલોમીટર દુર આવેલું છે. જ્યાં ઘણી આતિહાસક ઈમારત છે.

### સેલ્યુલર જેલ

છેલ્લા ૨૦૦૦ વર્ષોથી આ જેલ અંદમાનમાં આવેલી છે.

### મેતાન્શેરી પેલેસ

કેરલમાં ૧૫૫૫ માં પોર્તુગીસોએ તેને બનાવ્યો હતો.



**ઇટ વેલ : કાચી શાકભાજીને ડાઇટમાં સામેલ કરવાની હવે ફેશન**

**નિષ્ણાંત લોકો કહે છે કે જ્યારે ગુસ્સો આવે છે ત્યારે કેટાબોલિક હાર્મોન્સ સક્રિય થઇ જાય છે આને એનર્જીની વધારે જરૂર હોય છે ગ્લુકોકાર્ટિકોઇડ હાર્મોન વધી જાય છે આના વધી જવાથી સ્થિતી વધારે ખરાબ થાય છે**

# ભોજનમાં કાચી શાકભાજીનો ક્રેઝ

**નિષ્ણાંતોના કહેવા મુજબ પૂર્ણ રીતે કાચી ચીજો ખાવા પર નિર્ભર રહેવાની કોઇ જરૂર નથી : દિવસમાં બે કાચા ફળથી ભોજનનો હિસ્સો મળે છે**

આધુનિક સમયમાં લોકો ફિટનેસ અને આરોગ્યને લઈને વધારે જાગરૂક બની રહ્યા છે. પોતાની ડાઈટમાં માત્ર કાચા ભોજનને સામેલ કરવાની બાબત હાલના સમયમાં એક પ્રકારથી ફેશન બની ગઈ છે. કાચી ચીજો વધારે પ્રમાણમાં કેટલાક લોકો ઉપયોગ કરે છે. જેમ કે કાચી શાકભાજી અને કાચા ફળ પણ ખાવાનો ક્રેઝ હાલમાં જોવા મળે છે. જો કે નિષ્ણાંત લોકોનુ કહેવુ છે કે કાચા ભોજનથી કેટલીક વખત શરીર પર વિપરિત અસર પણ કરે છે. જેથી ભોજનમાં માત્ર કાચી ચીજ વસ્તુઓનો ઉપયોગ કરતા પહેલા કેટલાક નિષ્ણાતોનો અભિપ્રાય લેવામાં આવે તે જરૂરી છે. જાણકાર તબીબો અને ડાયટના મામલે નિષ્ણાંત તબીબો કહે છે કે ડાઈટમાં કાચી ચીજ વસ્તુઓને સામેલ કરવાની બાબત હવે ફેશન સમાન છે. કાચી ચીજ વસ્તુઓ ખાવાના ફાયદા તો ચોક્કસપણે કેટલાક રહેલા છે. જેમાં વધારે પ્રમાણમાં પૌષક તત્વ મળવા, શરીરના ડિટોક્સિંગ થવાની બાબત, એલર્જીને દુર કરવાની બાબત, ઉર્જા વધારી દેવાની બાબત, યાદશક્તિને વધારી દેવાની બાબત, બ્લડપ્રેશર પર કાબુ મેળવી લેવાની બાબત, ડાયાબિટીસ પર અંકુશ જેવી બાબતો સામેલ છે. કાચા ભોજનથી વજન પણ ઘટી શકે છે. કારણ કે તેમાં કેલોરી સોડિયમનુ પ્રમાણ ઓછુ હોય છે. ફાયબરનુ પ્રમાણ વધારે હોય છે. તે શરીરને ક્ષારીય પણ બનાવે છે. જેના કારણે એસિડિટી ઓછી થાય છે. સોજા પણ ઘટી જાય છે. જો કે આ તમામ બાબતો અમારી પેકેજડ ફુડ પર આધાર રાખે છે. અમે બ્રેડ, બોટલમાં બંધ સામગ્રી અને ચિપ્સ,પનીર, રિફાઈન્ડ તેલ જેવા ભોજનથી દુર રહેવા માટેના પ્રયાસ કરીએ છીએ. આ તમામ પ્રકારની રાહત અને ફાયદા કાચા ભોજનથી ચોક્કસપણે મળે છે. જો કે માત્ર કાચા ભોજનને ડાઈટમાં સામેલ કરવાથી વિપરિત અસર પણ થઈ શકે છે.જેના પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. કાચા ભોજન પર આધાર રાખનાર લોકો સામે સૌથી મોટો પડકાર એ છે કે તેમને પુરતા પ્રમાણમાં પ્રોટીન, વિટામિન બી૧૨ અને આયરન જેવા પોષક તત્વો મળી શકતા નથી. આ પૌષક તત્વો સામાન્ય રીતે એ ચીજોમાં જોવા મળે છે જે ખાદ્ય પદાર્થો હોય છે. જેમ કે બીન્સ, પૂર્ણ અનાજ અને હળવા પ્રોટીનનો સમાવેશ થાય છે. આવી સ્થિતીમાં અનેક ચીજોથી વંચિત રહી શકીએ છીએ. આને પૂર્ણ કરવા માટે અનેક પ્રકારના વિટામિન સપ્લીમેન્ટસ લેવાની જરૂર હોય છે. સામાન્ય રીતે એવી ધારણા પણ હોય છે કે તમે જ્યારે ભોજન બનાવો છો ત્યારે તેના પૌષક તત્વો અને કુદરતી એન્જાઈમ નષ્ટ થઈ જાય છે. આ ધારણા આંશિક રીતે જ સાચી છે. કેટલાક વિટામિન તો એ જ વખતે સક્રિય થાય છે જ્યારે તેમને બનાવવામાં આવે છે. જ્યારે કેટલક ચીજો એવી છે જે કાચી વધારે ઉપલબ્ધ છે. પૌષક તત્વોથી ભરપુર પાલકમાં ખુબ વધારે પ્રમાણમાં લ્યુટિન હોય છે .આને પકવી લેવાથી શરીરને આને પચાવી લેવામાં મદદ મળે છે. ટામેટામાં લાઈકોપીન ખરેખર ભોજન પકવતી વેળા વધારે ઉપલબ્ધ રહે છે. કેટલીક શાકભાજી જેમ કે ફુલાવર, બ્રોકલીનો સમાવેશ થાય છે. સરસોના શાકમાં પણ યૌગિક હોય છે. જેને વધારે પ્રમાણમાં ખાવાથી થાઈરાઈજ ફકશન બંધ થઈ જાય છે. કેટલીક શોધથી એવુ જાણવા મળ્યુ છે કે પકવી લીધા બાદ મરચા અને પૌષક તત્વો વધી જાય છે. કેટલાક ખાદ્ય પદાર્થો પકવી લીધા બાદ વધારે ઉપયોગી બની જાય છે. કારણ કે તેમાં રેશાની ચીજ તુટી જાય છે. જેથી પાચનમાં સરળતા રહે છે. જે લોકોના પાચનતંત્ર સવંદેનશીલ છે અથવા તો અલ્સરેટિવ કોલાઈટિસ જેવા આંતરડાના સોજાના રોગથી ગ્રસ્ત છે તે લોકો માટે ભોજનને પકવીને ખાવાની બાબત સારા વિકલ્પ તરીકે છે. ચીની માન્યતા મુજબ કાચી ચીજો ખાવાથી કેટલીક સમસ્યા આવી શકે છે. જેના કારણે સુસ્તી, પાચનની તકલીફ અને પાંચન સંબંધિત અનેક કેટલાક રોગ થઈ શકે છે.



**બંનેમાંથી કોની ખરીદી કરવામાં આવે તેને લઇને કેટલાક દુવિધામાં...**

**નિષ્ણાંત લોકો કહે છે કે જ્યારે ગુસ્સો આવે છે ત્યારે કેટાબોલિક હાર્મોન્સ સક્રિય થઇ જાય છે આને એનર્જીની વધારે જરૂર હોય છે ગ્લુકોકાર્ટિકોઇડ હાર્મોન વધી જાય છે આના વધી જવાથી સ્થિતી વધારે ખરાબ થાય છે**

# સ્માર્ટ વોચ અને ફિટનેસ બેન્ડનો ક્રેઝ

**ડિઝાઇન અને ફિચર્સની દ્રષ્ટિએ છેલ્લા કેટલાક વર્ષોમાં સ્માર્ટ વોચ અને ફિટનેસ બેન્ડમાં અનેક પ્રકારના સુધારા કરવામાં આવી ચુક્યા છે**

બજારમાં કેટલાક પ્રકારના ફિટનેસ બેન્ડ ઉપલબ્ધ છે. કેટલાકમાં સ્કીન હોય છે તો કેટલાક સ્કીન વગરના હોય છે. જ્યારે સ્માર્ટવોચમાં હમેંશા સ્કીન ઉપલબ્ધ રહે છે. મોટા ભાગના ફિટનેસ બેન્ડ મોનોક્રોમ સ્કીનવાળા હોય છે. જ્યાં રહેલા સમય, બેટરી, ફિટનેસ સ્ટેટિસ્કિટ્કસ અને સપોર્ટ રહેવાની રહેવાની સ્થિતીમાં બેજિક નોટિફિકેશન મળતા રહે છે. તેની તુલનામાં સ્માર્ટ વોચમાં રંગીન ટચસ્કીન હોય છે. તે ફિટનેટ ડાટા અને નોટિફિકેશન હવામન સહિત જુદી જુદી પ્રકારની માહિતી ઉપલબ્ધ કરાવે છે. આપને આના માટે સ્ટાયલિસ્ટ વોચ ફેસેજની વેરાયટી મળી શકે છે. આપ આપની જરૂર મુજબ તમામ ચીજોની પસંદ કરી શકો છો. આપના માટે ફુલ ટચ સ્કીન મહત્વપૂર્ણ છે કે પછી માત્ર સ્ટેટિસ્ટિક્સની સાથે બેઝિક ડિસ્પ્લે પસંદ છે તે બાબત આપ પોતે નક્કી કરી શકો છો. બંનેના ફાયદા અને નુકસાન રહેલા છે. આપ બેઝિક ફિટનેસ બેન્ડ ૯૯૯ રૂપિયામાં લઈ શકો છો. ૨૦ હજારમાં પણ ફિટનેસ બેન્ડ ઉપલબ્ધ છે. એટલે કે જુદી જુદી કિંમતોમાં ફિટનેસ બેન્ડ બજારમાં સરળતાથી ઉપલબ્ધ છે. જો વધારે ખર્ચ કરવાની ઈચ્છા નથી તો એન્ટ્રી લેવલના શ્યાઓમી ફિટનેસ બેન્ડ લઈ શકો છો. જો પૈસા કોઈ પ્રશ્ન નથી તો ફિટબિટ અલ્ટા એચઆર લઈ શકો છો. સ્માર્ટ વોચ કસ્ટમ ઓએસની સાથે આની કિંમત ૧૪૯૯ રૂપિયા છે. આની કિંમત આટલા રૂપિયા સાથે શરૂ થાય છે. લાખો રૂપિયા સુધી તેની કિંમત પહોંચી શકે છે. તે સ્માર્ટ વોચની વેરાયટી પર આધારિત રહે છે. એક ફિટનેસ બેન્ડમાં બે બેઝિક સેન્સર્સ હોય છે. એક્સલેરોમીટર અને જાયરોસ્કોપ એમ બે પ્રકારના સેન્સર્સ હોય છે. કેટલાક એડવાસ્ટડ બેડ્સ હાર્ટ રેટ સેન્સર અને અલ્ટીમીટરની સાથે આવે છે. સ્માર્ટ વોચ માટે બેઝિક ઉપરાંત વધારાના સેન્સર્સ પણ હોય છે. તેમાં લાઈટ સેન્સર્સ, મેગ્નોટોમીટર અને કેટલીક વોચમાં આઈઆર બ્લાસ્ટર પણ મળે છે. કોઈ પણ ડિવાઈસ પર બેઝિક સેન્સર્સથી મુખ્ય ફિટનેસ ડેટા જેમ કે સ્ટેમ્પ્સ, સ્લીમ ïકવામાં આવે છે. જો માત્ર ફિટનેસ પર ધ્યાન આપવા માટે ડિવાઈસ લેવાની ઈચ્છા છે તો ફિટનેસ બેન્ડ પરફેક્ટ રહે છે. પરંતુ જો તમે સારા અનુભવ ઈચ્છો છો તો સ્માર્ટવોચ ખરીદી શકાય છે. બેસ્ટ સ્માર્ટવોચ પણ સિંગલ ચાર્જ પર ચાર દિવસથી વધારે ચાલી શકે તેમ નથી.આની તુલનામાં ફિટનેસ બેન્ડ સરળતાથી પાંચ દિવસ સુધી ચાલી શકે છે. કેટલાક બ્રાન્ડ જેમ કે શ્યાઓમી એમઆઈ બેન્ડમાં ડિસ્પ્લે નથી. પરંતુ સિંગલ ચાર્જ પર ૪૫ દિવસ માટે બેટરી લાઈફ આપે છે. ગારમિનની ફિટનેસ બેન્ડ સતત ફિટનેસ ટ્રેકિંગની સાથે સાથે એક વર્ષની બેટરી લાઈફનો દાવો કરે છે. સ્માર્ટવોચ વધારે ફિચર અને ટચસ્કીન ડિસ્પ્લે ઓફર કરે છે. જેથી બેટરીનો ઉપયોગ વધારે થાય છે. ફિટનેસ બેન્ડસ બેઝિક સોફ્ટવેયર પર ચાલે છે. જે આપને વર્તમાન ડાટા નંબરની સાથે દર્શાવે છે. આ ડાટા કોમ્પિનિયન સ્માર્ટફોન એપની સાથે વાયરલેસલી સિંક્ડ રહે છે. જ્યાં ડાટાની ગ્રાફિકલી રીતે ફોર્મેટમાં જોઈ શકાય છે. આનો અર્થ એ છે કે ફિટનેસ બેન્ડને સંપૂર્ણરીતે કામમાં લેવા માટે સ્માર્ટ ફોનની સાથે સાથે ઉપયોગ કરવાની જરૂર હોય છે. સ્માર્ટવોચ માટે કેટલાક કોમ્પિયિયન અને સ્ટેન્ડઅલોન ઓપરેટિંગ સિસ્ટમ કામ કરે છે.આમાંથી દરેકની પાસે કેટલીક ફિચર્સના સેટ હોય છે. ઓપરેટિંગ સિસ્ટમના આધાર પર આપની વોચના કામ જુદી જુદા હોઈ શકે છે. જેમ કે તે કઈ રીતે ગણતરી કરે છે. નોટફિકેશનને દર્શાવે છે.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

# ફરવા જાવ ત્યારે ભાડે રહેવા લાયક વિશ્વના ટોચના રમણીય પ્રવાસન્ સ્થળ










**લીફી ગ્રીન્સ, ચિયાંગ માઇ, થાઇલેન્ડ** | થાઈલેન્ડમાં ઓર્ગેનિક ગાર્ડન, આઉટડોર બાર્બેક્યુ અને એર કંડિશનિંગ જેવું લાગતું બિનપરંપરાગત મશરુમ જેવું મકાન લીફી ગ્રીન્સ તરીકે જાણીતું છે. પ્રારંભમાં આ પ્રકારના મકાનને મેડિટેશન સેન્ટર તરીકે બનાવાયા હતા. આ પ્રકારના મકાન ફ્લાવર્સ અને વૃક્ષોથી ભરેલા હોય છે.

# મગરના ચામડાથી બની છે આ કારની સીટો અને ડેશબોર્ડ...



અત્યાર સુધી તમે કારમાં કાર્બન ફાઈબર અને એલ્યુમિનિયમના ઉપયોગ વિશે સાંભળ્યું જ હશે. શું તમે ક્યારેય કાર અથવા બાઈકમાં મગરના ચામડાની બનેલી સીટો વિશે સાંભળ્યું છે? લગભગ દરરોજ નવા ફીચર્સમાં બાઈક અને કાર લોન્ચ થાય છે. તમામ કાર અને બાઈકની અલગ-અલગ સુવિધાઓ અને કિંમતો હોય છે. મોટાભાગના લોકો તેની કિંમત અને ફીચર્સ જોતા પહેલા લુક અને ડિઝાઈન વિશે વાત કરે છે. દેખાવ અને ડિઝાઈન પસંદ કર્યા પછી લોકો તેના ફીચર્સ જુએ છે. સુપર લક્ઝરી કાર નિર્માતા કંપની રોલ્સ રોયસે અબજોપતિની કાર લોન્ચ કરી છે. આ કારની કિંમત અને તેના ફીચર્સને કારણે તેની ઘણી ચર્ચા થઈ રહી છે.

## 10 કરોડની ભેંસ પછી 11 લાખનો કૂતરો આકર્ષણનું કેન્દ્ર બન્યો



મેરઠના કૃષિ મેળામાં દસ કરોડની કિંમતની ભેંસ આજકાલ આકર્ષણનું કેન્દ્ર બનેલી છે. તો એક કૂતરાએ પણ બધાનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું છે. દસ કરોડની કિંમતની ભેંસ અને અગિયાર લાખની કિંમતનો કૂતરો જોઈ લોકો આશ્ચર્યચકિત થઈ ગયા છે. મેરઠના કૃષિ મેળામાં આજકાલ ડૉગ શો આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. આ ડૉગ શોમાં એક કૂતરો પણ આવ્યો હતો જે માઈનસ ત્રીસ ડિગ્રી સેલ્સિયસમાં રહેવા ટેવાયેલો છે. કહેવાય છે કે કૂતરાને ગરમીથી એટલી બધી એલર્જી છે કે તેને એસીમાં રહેવું પડે છે. ચાઉ બ્રીડના આ કૂતરાની કિંમત અગિયાર લાખ થઈ ગઈ છે. મેરઠમાં કેટ વોકની જેમ ડૉગ વોક યોજાઈ હતી. આ ડૉગ વોકમાં જ્યારે એકથી એક ચઢિયાતા ડૉગ પોતાની ધૂન પર રેમ્પ પર વોક કરતા હતા ત્યારે લોકોની નજર તેમના પર ટકેલી હતી.

**10 કરોડની ભેંસનાં સ્પર્મ વેચી લાખો રૂપિયા કમાય** છે | આ ભેંસનું વજન 1500 કિલો હોવાનું કહેવાય છે. આ ભેંસ દરરોજ 25 લિટર દૂધ, 15 કિલો ફળ, 15 કિલો અનાજ અને 10 કિલો વટાણા ખાય છે. આ ઉપરાંત લીલો ચારો પણ આપવામાં આવે છે. તેને દરરોજ સાંજે છ કિમી ચાલવા માટે લઈ જવામાં આવે છે. ગોલુ નામની આ ભેંસના શરીર પર દરરોજ તેલથી માલિશ કરવામાં આવે છે. આ ભેંસનું સ્પર્મ વેચી ભેંસનો માલિક દર મહિને લાખો રૂપિયાની કમાણી કરે છે. ભેંસના સ્પર્મની માંગ હરિયાણા સિવાય પંજાબ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન સહિત ઘણા રાજ્યોમાં છે. મેળામાં દસ કરોડની ભેંસની સાથે સેલ્ફી લેવા માટે લોકોની લાઈન લાગી હતી.


# આ દેશમાં બન્યો 2073 ફૂટ લંબાઇ અને 492 ફૂટ ઉંચાઇ ધરાવતો કાચનો બ્રિજ, ચીનને પણ પાછળ રાખી દીધું




વિયેતનામમાં આવેલો દુનિયાનો સૌથી વિશાળ કાચનું તળિયું ધરાવતો વોક વે બ્રિજ જાણીતો બન્યો છે. ગત એપ્રિલ માસમાં કામગીરી પૂર્ણ થયા પછી પ્રવાસીઓ માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે. કાચની સપાટીવાળો આ પૂલ ઉત્તર પશ્ચિમ વિસ્તારમાં આવેલા સોન લા પ્રાંતના મોક ચો જિલ્લામાં આવેલો છે. અણાબીડ જંગલના બે પહાડોને જોડતો પુલ ૬૩૦ મીટર (૨૦૭૩ ફૂટ) લાંબો અને ૧૫૦ મીટર (૪૯૨ ફૂટ) ઉંચાઇ પર છે. આ પુલ ૨.૪ મીટર પહોળો અને ૩૦ મીટરના બે ટાવરનો સમાવેશ થાય છે.

આ પૂલનું સ્થાનિક ભાષામાં બાખ લોગા નામ આપવામાં આવ્યું છે જેનો અર્થ વ્હાઈટ ડ્રેગન થાય છે. કાચની સપાટી ધરાવતા આ પુલનું નિર્માણ કરતી કંપનીએ વિશ્વનો સૌથી લાંબો કાચનો પુલ ગણાવ્યો છે. આ પહેલા ચીનના ગ્વાંગદોંગમાં સૌથી મોટો કાચનો પુલ ગણાતો હતો તેની લંબાઈ ૪૩૦ મીટર છે. ચીનના ગ્રેંડ કેન્યેન ગ્લાસ બ્રિજને પણ વિયેતનામનો વ્હાઈટ ડ્રેગન બ્રીજ ટકકર મારે તેવો બન્યો છે આથી વિદેશી પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. પુલની સપાટી ટેપર્ડ ગ્લાસ માંથી તૈયાર કરવામાં આવી છે જે એક સાથે ૪૫૦ લોકોનો ભાર વહન કરી શકે છે.

લોકો કાચની સપાટી પર ઉભા રહીને કુદરતી ખૂબસુરતીના નજારાને માણી શકે છે. કેટલાક તો કાચમાંથી આરપાર દેખાતું હોવાથી પગલા માંડતા પડી જવાના આભાસથી ડરતા રહે છે. આ અનોખા પુલ પર ડરી ડરીને પગલા માંડતા લોકોનો વીડિયો વાયરલ થઇ રહયો છે. બ્રિજ પર લોકો રોમાંચક પગપાળા યાત્રાનો આનંદ માણે છે. કેટલાક લોકો તો એટલા ડરી જાય છે કે નીચે જોવાની હિંમત પણ કરી શકતા નથી. લોકો કાયમી સંભારણું બની જાય તે માટે ગ્લાસ વે બ્રીજના વોક વે સેકશન પર અવનવી સ્ટાઈલમાં ફોટા પડાવે છે.વિવિધતા ભરી સંસ્કૃતિ અને કલ્ચર ધરાવતા વિયેતનામમાં પ્રવાસીઓનો ધસારો રહેતો હોય છે પરંતુ કોરોના મહામારીના કારણે વિદેશી પ્રવાસીઓ આવવાના બંધ થઇ ગયા હતા.હવે પ્રવાસીઓ આવવા લાગ્યા છે એમાં આ અનોખા ગ્લાસ બ્રિજે પણ આકર્ષણ ઉમેર્યુ છે. પુલની તળેટીમાં મુઓંગ મૂક ગુફા છે જેને ચિમથાન (ગોડ બર્ડ) ગુફા તરીકે પણ ઓળખવામાં આવે છે જેમાં કુદરતી સ્ટેલેકટાઈટસ અને શિલ્પ પથ્થર જોવા મળે છે. કાચનો આ બ્રિજ તૈયાર કરતી વખતે સુરક્ષાના તમામ પ્રકારના પગલાઓ ભરવામાં આવ્યા હતા. તળિયામાં ગ્લાસ એટલા મજબૂત હોય છે કે તેના પર હથોડાની પણ કોઈ અસર થતી નથી. ગ્લાસ પારદર્શક રહે તે માટે તેનું નિયમિત મેન્ટેન્સ કરવામાં આવે છે.

બ્રિજ પર અનેક વાર હેવી વેઈટ કાર ચલાવીને તેની મજબૂતી ચકાસવામાં આવી હતી. મધ્યાહન સમયે કાચ પર સૂર્યના કિરણો પડે ત્યારે વ્હાઈટ રિફલેશન તેની શોભા વધારી દે છે. આ બ્રિજ શરુ થયો ત્યારે પ્રથમ દિવસે ૪ હજાર પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. આ બ્રિજના એક રાઉન્ડ માટે ૨૮ ડોલર ફી નકકી કરવામાં આવી છે. વિયેતનામમાં ગ્લાસનું તળિયું ધરાવતા હોય તેવા ત્રણ બ્રિજ છે પરંતુ આ સૌથી વિશાળ હોવાથી વૈશ્વિક હેડલાઈન્સ બન્યો છે. આ બ્રીજ ૩૩ મીલિયન અમેરિકી ડોલરના ખર્ચે તૈયાર થયો છે. આ ગ્લાસ બ્રિજમાં ઉપયોગમાં લેવાયેલું સ્ટ્રકચર ફ્રાંસથી આયાત કરવામાં આવ્યું હતું.

# ભારતના સૌથી મોટા ફ્લોટિંગ સોલર પ્લાન્ટની સફળ શરૂઆત, એકમમાંથી ઊર્જા ઉત્પાદન ચાલુ કરાયું



ભારત તેની અવનવી તકનીક અને અજબ-ગજબ રીતને કારણે જગવિખ્યાત છે. ભારતની સૌથી મોટી ઈન્ટીગ્રેટેડ એનર્જી કંપની, એનટીપીસી લિમિટેડે દેશનો સૌથી મોટો તરતો સોલર પાવર પ્લાન્ટ શરૂ કર્યો છે. કંપનીએ 100 મેગાવોટ રામાગુંડમ ફ્લોટિંગ સોલર પીવી પ્રોજેક્ટમાંથી 20 મેગાવોટની ક્ષમતાની સીઓડી જાહેર કરી છે એટલેકે સૌર ઉર્જા ઉત્પાદન એકમમાંથી ઉત્પાદનની શરૂઆત થઈ છે.



રામાગુંડમ ફ્લોટિંગ સોલર પીવી પ્રોજેક્ટ NTPC દ્વારા શરૂ કરાયેલ ભારતનો સૌથી મોટો ફ્લોટિંગ સોલર પ્લાન્ટ છે. સફળતાપૂર્વક શરૂઆત સાથે રામાગુંડમ, તેલંગણા ખાતે 100 મેગાવોટ રામાગુંડમ ફ્લોટિંગ સોલર પીવી પ્રોજેક્ટમાંથી 20 મેગાવોટની છેલ્લી ભાગની ક્ષમતા સાથે કોમર્શિયલ ઉત્પાદન શરૂ કર્યું છે. 1લી જુલાઈથી આ પાવર પ્લાન્ટમાંથી પ્રોડક્શન શરૂ થયું છે.



NTPCની કુલ ઈન્સ્ટોલેશન કેપિસીટી 69,134.20 મેગાવોટ છે, જેમાં 23 કોલસા આધારિત, 7 ગેસ આધારિત, 1 હાઈડ્રો, 19 રીન્યૂએબલ એનર્જી પ્રોજેક્ટ છે. કંપનીની સંયુક્ત સાહસ હેઠળ NTPC પાસે 9 કોલસા આધારિત, 4 ગેસ આધારિત, 8 હાઈડ્રો અને 5 રીન્યૂએબલ એનર્જી પ્રોજેક્ટ પણ છે.

### ડિજિટલ અરેસ્ટ પર બોલ્યા વડાપ્રધાન

# જ્યારે પણ તમને આવો ફોન આવે તો સૌથી પહેલા તમારે ડરવું જોઈએ નહીં

## તમારે જાણવું જોઈએ કે કોઈ પણ તપાસ એજન્સી ક્યારેય ફોન કોલ અથવા વીડિયો કોલ પર પૂછપરછ કરતી નથી

। નવી દિલ્હી, તા.૨૭ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ, ૨૭મી ઓક્ટોબરને રવિવારે ૧૧૫માં મન કી બાત કાર્યક્રમને સંબોધિત કર્યો. આ દરમિયાન પીએમ મોદીએ ડિજિટલ અરેસ્ટ ફ્રોડ વિશે મહત્વપૂર્ણ માહિતી આપી અને લોકોને જાગૃત કર્યા. પીએમએ કાર્યક્રમમાં એક વીડિયો બતાવ્યો જેમાં પોલીસના કપડા પહેરેલા એક વ્યક્તિ અન્ય વ્યક્તિની પૂછપરછ કરી રહ્યો છે અને આધાર કાર્ડ બતાવવાની માંગ કરી રહ્યો છે.

ડિજિટલ ધરપકડ અંગે પીએમ મોદીએ કહ્યું કે, દરેક વય અને વર્ગના લોકો ડિજિટલ ધરપકડનો શિકાર બની રહ્યા છે. ભયના કારણે લોકોએ પોતાની મહેનતથી કમાયેલા લાખો રૂપિયા ગુમાવ્યા છે. લોકોને જાગૃત કરતા પીએમ મોદીએ કહ્યું, જો તમને ક્યારેય આવો ફોન આવે તો તમારે ડરવાની જરૂર નથી. તમારે જાણવું જોઈએ કે કોઈ પણ તપાસ એજન્સી ક્યારેય ફોન કોલ અથવા વીડિયો કોલ પર આવી રીતે પૂછપરછ કરતી નથી.

પીએમ મોદીએ કહ્યું કે, જ્યારે પણ તમને ડિજિટલ અરેસ્ટ માટે આવો ફ્રોડ કોલ આવે છે, તો સૌથી પહેલા તમારે ગભરાવું જોઈએ નહીં. પીએમ મોદીએ ડિજિટલ સુરક્ષાના ત્રણ તબક્કા પણ જણાવ્યા. જેમાં રાહ જુઓ, તેના વિશે વિચારો, પગલાં લો.પીએમે કહ્યું કે જો આવું કંઈ થાય તો તમે શાંત રહો, કોઈ ઉતાવળમાં પગલું ના ભરો, તમારી અંગત માહિતી કોઈને ના આપો, જો શક્ય હોય તો સ્ક્રીનશોટ લો અને રેકોર્ડિંગ કરો. બીજું પગલું એ અંગે વિચારવાનું છે. પીએમે કહ્યું કે તમારે વિચારવું જોઈએ કે કોઈ એજન્સી ફોન પર આવી ધમકીઓ આપતી નથી, વીડિયો કોલ પર પૂછપરછ કરતી નથી અને પૈસાની માંગણી કરતી નથી. જો તમને ડર લાગે છે તો સમજો કે કંઈક ખોટું છે.છેલ્લા અને સૌથી મહત્વપૂર્ણ ત્રીજા તબક્કા વિશે વાત કરતા પીએમ મોદીએ કહ્યું, ત્રીજો તબક્કો એક્શન છે.

### ૧૧૫મી વખત વડાપ્રધાન મોદીએ કરી 'મન કી બાત'

# 'આત્મનિર્ભરતા એ માત્ર આપણી નીતિ જ નથી, પણ આપણું જુસ્સો પણ છે: વડાપ્રધાન

## 'મન કી બાત'ના ૧૧૫મા એપિસોડમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારતે દરેક યુગમાં કેટલાક પડકારોનો સામનો કર્યો છે, આજે મન કી બાતમાં હું એવા બે મહાન નાયકોની ચર્ચા કરીશ જેમની પાસે હિંમત અને દૂરંદેશી હતી

। નવીદિલ્હી,તા.૨૭ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના માસિક રેડિયો કાર્યક્રમ મન કી બાત દ્વારા લોકોને સંબોધિત કરી રહ્યા છે. આ દરમિયાન તેમણે આત્મનિર્ભર ભારત પર ભાર મૂક્યો હતો. તેમણે સરદાર પટેલ અને ભગવાન બિરસા મુંડાને પણ યાદ કર્યા હતા. તેમણે કહ્યું કે આ બંને મહાપુરુષોએ અલગ-અલગ પડકારોનો સામનો કર્યો પરંતુ તેમની દ્રષ્ટિ એક જ હતી, 'દેશની એકતા'. આ સિવાય તેમણે 'મન કી બાત' કાર્યક્રમમાં એનિમેશનના ક્ષેત્રમાં ભારતના વિકાસ અંગે પણ ચર્ચા કરી હતી.



'મન કી બાત'ના ૧૧૫મા એપિસોડમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારતે દરેક યુગમાં કેટલાક પડકારોનો સામનો કર્યો છે. આજે મન કી બાતમાં હું એવા બે મહાન નાયકોની ચર્ચા કરીશ જેમની પાસે હિંમત અને દૂરંદેશી હતી. દેશે તેમની ૧૫૦મી જન્મજયંતિ ઉજવવાનું નક્કી કર્યું છે. સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ ૩૧મી ઓક્ટોબરથી શરૂ થશે. આ પછી ૧૫ નવેમ્બરથી ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ વર્ષ શરૂ થશે.

આ બંને મહાપુરુષોએ અલગ-અલગ પડકારોનો સામનો કર્યો પરંતુ તેમની દ્રષ્ટિ એક જ હતી, 'દેશની એકતા'. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આત્મનિર્ભરતા એ માત્ર અમારી નીતિ જ નહીં પરંતુ અમારો જુસ્સો પણ બની ગયો છે. ઘણા વર્ષો પહેલા નહીં, તે માત્ર ૧૦ વર્ષ પહેલાની વાત છે, જ્યારે કોઈ કહેતું હતું કે ભારતમાં કેટલીક જટિલ તકનીક વિકસિત થઈ રહી છે, તો ઘણા લોકો તેના પર વિશ્વાસ કરશે નહીં, અને ઘણા લોકો મજાક ઉડાવશે. પરંતુ આજે એ જ લોકો દેશની સફળતા જોઈને આશ્ચર્યચકિત રહી જાય છે. આત્મનિર્ભર બની રહેલું ભારત દરેક ક્ષેત્રમાં અજાયબીઓ કરી રહ્યું છે.'મન કી બાત'ના ૧૧૫મા એપિસોડમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે હવે આત્મનિર્ભર ભારત અભિયાન એક જન આંદોલન બની રહ્યું છે.

### ન્યૂઝ બ્રિફ



## હજુ થોડા વર્ષો સુધી ક્રિકેટનો આનંદ માણવા માંગુ છું : ધોની

। નવી દિલ્હી, તા.૨૭ ।

આઈપીએલ ૨૦૨૫માં એમએસ ધોનીના રમવા અંગે હજુ પણ શંકા હતી. હવે આખરે તેણે પોતે જ ક્રિકેટ રમવું કે નહીં તે મુદ્દે મોટું નિવેદન આપ્યું છે. તમને જણાવી દઈએ કે ધોનીના રમવા પર ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી હજુ સુધી કોઈ સ્પષ્ટ નિવેદન આવ્યું નથી. એક મીડિયા રિપોર્ટ અનુસાર, ધોનીનું કહેવું છે કે તે હજુ થોડા વર્ષો સુધી ક્રિકેટનો આનંદ માણવા માંગે છે.એમએસ ધોનીએ કહ્યું, ×હું હજુ જેટલા વર્ષો સુધી રમી શકું આ રમતનો આનંદ લેવા માંગુ છું. જ્યારે તમે ક્રિકેટને એક પ્રોફેશનલ ગેમ તરીકે જોવાનું શરૂ કરો છો, તો પછી તેને રમત તરીકે માણવું મુશ્કેલ થઈ જાય છે.× તમને જણાવી દઈએ કે ઝજીદ્ધના ઝઈ કાશી વિશ્વનાથને પોતાના તાજેતરના નિવેદનમાં કહ્યું હતું કે ધોનીને રમવા માટે તૈયાર રહેવું જોઈએ, તેને આનાથી વધુ કંઈ ઈચ્છતા નથી.ધોનીએ પોતાની વાતને આગળ વધારતા કહ્યું- હું ભાવનાત્મક રૂપથી ક્રિકેટ સાથે જોડાયેલો છું અને તેને લઈને હજુ પ્રતિબદ્ધ છું. હજુ આગામી કેટલાક વર્ષ ક્રિકેટનો આનંદ લેવા ઈચ્છુ છું. IPLમાં બેથી અઢી મહિના રમી શકવા માટે મારે બાકીના ૯ મહિના મારી ફિટનેસ જાળવી રાખવી પડશે.

## મેક્સિકોમાં ટ્રેલર અને બસ વચ્ચે ભયાનક અકસ્માત, ૧૯ નાં મોત

। મેક્સિકો, તા.૨૭ ।

મેક્સિકો માટે આજનો દિવસ ખરાબ સમાચાર લઈને આવ્યો. મેક્સિકોના ઝાકેટાસ પાસે એક ભયંકર અકસ્માત સર્જાયો. ટ્રેક્ટર-ટ્રેલર અને બસ વચ્ચે થયેલો અકસ્માત એટલો ભયાનક હતો કે ત્યાં નજરે જોનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. મેક્સિકોમાં એક ભયાનક માર્ગ અકસ્માતમાં ૧૯ લોકોના મોત થયા હોવાના સમાચારો સામે આવી રહ્યાં છે. એટર્ની જનરલ ઑફિસના જણાવ્યા અનુસાર, જે બસ ક્રેશ થઈ હતી તે યુએસ-મેક્સિકો સરહદ પર ચિહુઆહુઆ રાજ્યના શહેર સિઉદાદ જુઆરેઝ તરફ જઈ રહી હતી.આ અકસ્માત સવારે ત્યારે થયો જ્યારે પીડિતોને લઈ જતી બસ મક્કા જઈ રહેલા ટ્રેક્ટરના પાછળના ભાગ સાથે અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બસ અને ટ્રેક્ટર બંને વાહન ખાડામાં પડી ગયા હતા. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું કે, શનિવારે મેક્સિકોના સેન્ટ્રલ સ્ટેટ ઝકાટેકાસમાં એક હાઈવે પર બસ ક્રેશ થઈ ગઈ હતી.

## દિલજીત દોસાંઝ કોન્સર્ટ કોલ્ડપ્લે ટિકિટના વેચાણ કેસમાં ઇડીના ૫ રાજ્યોમા દરોડા

। મુંબઈ,તા.૨૭ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એ કોલ્ડપ્લે અને દિલજીત દોસાંઝ કોન્સર્ટની ટિકિટોના કથિત ગેરકાયદેસર વેચાણના સંદર્ભમાં દિલ્હી, મુંબઈ, જયપુર, ચંદીગઢ અને બેંગલુરુમાં ૧૩થી વધુ સ્થળોએ તલાશી લીધી હતી. દોસાંઝની દિલુમિનાતી કોન્સર્ટ અને કોલ્ડપ્લેના મ્યુઝિક ઓફ ધ સ્ફિયર્સ વર્લ્ડ ટૂરનો ઉલ્લેખ કરતા પ્રવક્તાએ જણાવ્યું હતું કે બંને કોન્સર્ટે ઘણો ઉત્સાહ સર્જયો હતો, જેના કારણે મિનિટોમાં જ ટિકિટો વેચાઈ ગઈ હતી.હવે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એ કોલ્ડપ્લે અને દોસાંઝ કોન્સર્ટની ટિકિટના ગેરકાયદેસર વેચાણ મામલે શુક્રવારે દિલ્હી, મુંબઈ, જયપુર, ચંદીગઢ અને બેંગલુરુમાં રેડ પાડી હતી. ઈડીના પ્રવક્તાના જણાવ્યા અનુસાર એજન્સીએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ , ૨૦૦૨ હેઠળ તપાસ શરૂ કરી હતી અને ૧૩ થી વધુ સ્થળોએ દરોડા પાડ્યા હતા જ્યાં મોબાઈલ ફોન, લેપટોપ, સિમકાર્ડ વગેરે જેવી અનેક આપત્તિજનક વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી. આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને કારણે ઉદ્ભવતા ગુનાની આવકની તપાસ કરવાનો હતો.

### ઈલીગલ માઈગ્રન્ટ માટે વસવાટ સરળ નહીં રહે

## અમેરિકાએ ૫૦૦ ફ્લાઈટમાં ૧.૬૦ લાખ ઈલીગલ લોકોને ઘરભેગા કર્યા

### અમેરિકા દ્વારા ગેરકાયદે વસતા લોકો સામે એક્શન શરૂ

। વોશિંગ્ટન, તા.૨૭ ।

અમેરિકાએ પોતાને ત્યાં વર્ષોથી ગેરકાયદે વસતા લોકો સામે એક્શન લેવાનું શરૂ કર્યું છે જેમાં ભારતીયો પણ સામેલ છે. લેટેસ્ટ આંકડા પ્રમાણે અમેરિકાએ લગભગ ૫૦૦ ફ્લાઈટ ભરીને ઈલિગલ લોકોને તેમના દેશમાં પાછા મોકલી દીધા છે. આ રીતે લગભગ ૧.૬૦ લાખ લોકોને અમેરિકાની બહાર ધકેલી દેવાયા છે જેમાં ભારત સહિત દુનિયાના ૧૪૫ દેશોના લોકો સામેલ છે. અમેરિકામાં એક સપ્તાહ પછી ચૂંટણી થવાની છે ત્યારે અધિકારીઓએ આ ડેટા જાહેર કર્યો છે. જે દર્શાવે છે કે યુએસમાં હવે ઈલીગલ માઈગ્રન્ટ માટે વસવાટ સરળ નહીં રહે.

અમેરિકાની હોમલેન્ડ સિક્યોરિટી અને ભારત સરકારના સહયોગમાં ૨૨ ઓક્ટોબરે ચાર્ટર ફ્લાઈટ મારફત અમેરિકામાં ગેરકાયદે રહેતાં ભારતીયોને પાછા ભારતમાં મોકલી અપાયા છે. અમેરિકામાં ગેરકાયદે પ્રવેશ અને વસવાટ કરનારાઓ પર ત્યાંની સરકાર ચાંપતી નજર રાખતાં આ કવાયત હાથ ધરી છે જેમાં અનેક દેશના લોકો ઝપટે ચઢી ગયા છે.

હોમલેન્ડના ડેપ્યુટી સેક્રેટરી ક્રિસ્ટિને જણાવ્યું કે ૨૦૨૪માં અત્યાર સુધીમાં અમે અમેરિકામાં ગેરકાયદે રહેતાં ૧૪૫થી વધુ દેશોના ૧,૬૦,૦૦૦ નાગરિકોને ૪૯૫થી વધુ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ મારફત તેમના દેશ પાછા મોકલી દીધા છે.

માનવ તસ્કરીના કેસો પર તપાસ કરીને આ કાર્યવાહી કરવામાં આવી છે. જૂન-૨૦૨૪થી આ કાયદાનું કડક અમલ કરાતાં ઘૂસણખોરીના પ્રમાણમાં ૫૫ ટકાનો ઘટાડો થયો છે.

### દાના વાવાઝોડાએ વેર્યો વિનાશ

# ઓડિશામાં પૂર, પાંચ જિલ્લામાં આગામી આદેશ સુધી સ્કૂલો બંધ, બંગાળમાં 3 લોકોનાં મોત

### બાલેશ્વરના નીલગિરિ વિસ્તારના આશરે ૨૦ ગામ સિવાય નીચાણવાળા વિસ્તારો પાણીથી ગરકાવ થઈ ગયાં, તંત્ર દ્વારા બચાવ કામગીરી યથાવત

। ઓડિશા,તા.૨૭ ।

'દાના' વાવાઝોડું નબળું હોવા છતાં ઓડિશાના દરિયાકિનારાના વિસ્તારોમાં તેજ હવા સાથે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. એક સર્વે મુજબ ચક્રવાતથી રાજ્યમાં ૧.૭૫ લાખ એકર ભૂમિમાં લાગેલા પાકને નુકસાન પહોંચ્યું છે. વળી, મયૂરભંજના સિમલીપાલ પર્વતીય વિસ્તારમાં ભારે વરસાદના કારણે બુધબલંગા, સોનો અને કંસાબંસા નદી કંસાબંસા નદીનું જળસ્તર વધી ગયું છે. આ પહેલાં બાલેશ્વરના નીલગિરિ વિસ્તારના આશરે ૨૦ ગામ સિવાય નીચાણવાળા વિસ્તારો પાણીથી ગરકાવ થઈ ગયાં હતાં, જ્યાં રેસક્યુ કાર્ય શરૂ છે.



આ ક્રમમાં ઓડીઆરએએફ અને ફાયર વિભાગની ટીમે શનિવારે બાલેશ્વરમાં બે દિવસ સુધી છત પર ફસાયેલા ત્રણ લોકોને શનિવારે સુરક્ષિત બહાર નીકળી લીધાં. વળી, ખરાબ સિઝનના કારણે મુખ્યમંત્રી મોહન તપણ માઝીનો પ્રભાવિત વિસ્તારોમાં હવાઈ નિરીક્ષણ સ્થગિત કરવું પડ્યું. સાવચેતીના પગલે બાલેશ્વર સિવાય ભદ્રક, મયૂરભંજ, કેન્દ્રાપાડા અને કેંદુઝર જિલ્લામાં શળાઓને આવનાર આદેશ સુધી બંધ કરવામાં આવી છે. હાલની સ્થિતિને જોતા મુખ્યમંત્રી મોહન માઝીએ કહ્યું કે, જ્યાં સુધી સ્થિતિ સામાન્ય નહીં થાય, પ્રભાવિત વિસ્તારના લોકો આવનાર સાત દિવસ સુધી અસ્થાયી શિબિરમાં રહી શકે છે, જ્યાં તેમને દરેક આવશ્યક સુવિધાઓ પહેલાંની જેમ મળતી રહેશે. મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન મંત્રી સુરેશ પૂજારીએ કહ્યું કે, વાવાઝોડાથી પીડિતોના પુનર્વાસ માટે યુદ્ધના ધોરણે કામ થઈ રહ્યું છે. નુકસાનની આકરણીને લઈને જિલ્લાધીશો પાસેથી સાત દિવસની અંદર રિપોર્ટ માગવામાં આવ્યો છે. જેના આધારે નુકસાન અને વળતરનું સચોટ આકલન કરવામાં આવશે. દરિયાકાંઠાના વિસ્તારમાં ૨૨ લાખ લોકોને વીજળી સેવા પુનઃસ્થાપિત કરવામાં આવી છે. સંબંધિત વિસ્તારમાં કુલ ૪૨૭ જગ્યાએ લગભગ ૧૧૫૦ વૃક્ષ પડવાની સૂચના મળી હતી.

## પાર્ટીમાં લાલ પરી બનીને પહોંચી નતાશા સ્ટેનકોવિક, સાથે જોવા મળ્યો ફિટનેસ કોચ એલેક્ઝાન્ડર એલેક્સ

। મુંબઈ,તા.૨૭ ।

મોડલ અને અભિનેત્રી નતાશા સ્ટેનકોવિક હાલમાં જ ક્રિકેટર હાર્દિક પંડ્યાથી છૂટાછેડાને કારણે ચર્ચામાં હતી. તેના ક્રિકેટર પતિથી છૂટાછેડાની જાહેરાત પહેલા જ નતાશા તેના હોમ ટાઉન સર્બિયા ગઈ હતી અને તાજેતરમાં તે મુંબઈ પાછી આવી હતી. અભિનેત્રીએ તાજેતરમાં બી-ટાઉનમાં દિવાળી પાર્ટીમાં હાજરી આપી હતી, જ્યાં તેની સ્ટાઈલ જોવા જેવી હતી. નતાશાએ ડિઝાઈનર જોડી અબુ જાની-સંદીપ ખોસલાની દિવાળી પાર્ટીમાં હાજરી આપી હતી.આ સમય દરમિયાન તેણે લાલ સાડી પહેરી હતી, જેને તેણે કોર્સેટ બ્લાઉઝ સાથે કેરી કરી હતી. આ લુકમાં નતાશા ખૂબ જ સુંદર લાગી રહી હતી.

## ગૌતમ ગંભીરે ટીમ ઈન્ડિયાને ન આપી દિવાળીની રજા

। નવી દિલ્હી, તા.૨૭ ।

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની ત્રણ ટેસ્ટ મેચની સીરિઝની પહેલી બે ટેસ્ટ જીતી ન્યુઝીલેન્ડની ટીમે ૨-૦ની સરસાઈ મેળવી લીધી છે. જેને લઈને ભારતીય ટીમની આકરી ટીકા થઈ રહી છે. ન્યૂઝીલેન્ડ સામે ઘરઆંગણે ટેસ્ટ સિરીઝ હાર્યા બાદ ભાટીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર હવે એક્શન મોડમાં દેખાઈ રહ્યો છે. ગંભીરની નજર હવે મુંબઈમાં રમાનારી સીરિઝની ત્રીજી અને છેલ્લી ટેસ્ટ પર છે. જેથી કરીને ક્લીન સ્વીપથી બચી શકાય. જેને લઈને ગંભીરે એક મોટો અને ખૂબ જ કઠોર નિર્ણય લીધો છે.

૧૨ વર્ષ બાદ પોતાની ધરતી પર ટેસ્ટ સીરિઝ હાર્યા બાદ ટીમના મેનેજમેન્ટે ટીમના તમામ ખેલાડીઓને કડક સંદેશ આપ્યો છે. ટીમ મેનેજમેન્ટે તમામ ખેલાડીઓને સ્પષ્ટપણે કહ્યું છે કે, ત્રીજી ટેસ્ટ પહેલા મુંબઈમાં કોઈ પણ વૈકલ્પિક પ્રેક્ટિસ સેશન યોજવામાં આવશે નહીં. એટલે કે હવે તમામ ખેલાડીઓએ મુખ્ય પ્રેક્ટિસ સેશનમાં ભાગ લેવો પડશે. અગાઉ કેટલાક ખેલાડીઓ મુખ્ય સત્ર છોડીને જતા રહેતા હતા. અને પછી વૈકલ્પિક સત્ર પણ છોડી દેતા હતા.

### અફરા તફરી મચી ગઈ | ૯ પ્રવાસીને ઈજા, બેની હાલત ગંભીર । તમામ ઈજાગ્રસ્તોને ભાભા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા

# મુંબઈના બાંદ્રા ટર્મિનસ પર ટ્રેનમાં ચઢવા માટે ધક્કા-મુક્કી

। મુંબઈ, તા.૨૭ ।

મુંબઈના બાંદ્રા રેલવે સ્ટેશન પર રવિવારે ટ્રેનમાં ચઢવા માટે મોટા પાયે ધક્કા-મુક્કી થઈ હતી જેમાં નવ પ્રવાસીઓને ઈજા થઈ હતી. તેમાંથી બેની હાલત ગંભીર ગણવામાં આવે છે. મુંબઈથી ગોરખપુર જઈ રહેલી ટ્રેનમાં ચઢવા માટે હજારો પ્રવાસીઓ આવી ગયા હતા જેમની વચ્ચે નાસભાગ થઈ હતી. સવારે ૫.૫૬ વાગ્યે બાંદ્રા ટર્મિનસના પ્લેટફોર્મ નંબર એક પર આ ઘટના બની હતી.



અધિકારીઓએ જણાવ્યું કે ટ્રેન ૨૨૯૨૧ બાંદ્રા-ગોરખપુર એક્સપ્રેસમાં ચડવામાં ધક્કા-મુક્કી થતા નાસભાગ થતા અફરા-તફરી મચી ગઈ હતી. તમામ ઈજાગ્રસ્તોને ભાભા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. દિવાળી પહેલા તહેવારોની ભીડને કારણે નાસભાગ મચી ગઈ હતી. નાસભાગની તસવીરો અને વીડિયો પણ સામે આવ્યા છે જેમાં ઘાયલ લોકો બેભાન હાલતમાં પડેલા જોવા છે. રેલવે પોલીસ કર્મચારીઓ અને અન્ય મુસાફરો ઘાયલોને સ્ટ્રેચર પર લઈ જઈ રહ્યા છે.મુંબઈના બાંદ્રા ટર્મિનસ ખાતે આજે જ્યારે મુસાફરોએ ઉત્તર પ્રદેશના ગોરખપુર તરફ જતી ટ્રેનમાં ચઢવાનો પ્રયાસ કર્યો ત્યારે નાસભાગમાં નવ લોકો ઘાયલ થયા હતા.સાત લોકોની હાલત સ્થિર છે જ્યારે બેને ગંભીર ઈજાઓ થઈ છે. બાંદ્રાથી ગોરખપુર જતી ટ્રેન નંબર ૨૨૯૨૧ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧ પર આવી અને મોટી સંખ્યામાં મુસાફરો ચઢવા માટે પ્લેટફોર્મ પર એકઠા થયા. ગોરખપુરની સાપ્તાહિક ટ્રેનને ફરીથી શેડ્યૂલ કરવામાં આવી હતી અને તેને સવારે ૫:૧૦ વાગ્યે ઉપડવાની હતી. પરંતુ તે ફરીથી શિડ્યુલ કરવામાં આવ્યા બાદ ટ્રેન પ્લેટફોર્મ પર મોડી આવી હતી. સવારે ૩ વાગ્યાની આસપાસ પ્લેટફોર્મ પર ભારે ભીડ જોવા મળી હતી અને મુસાફરોએ ટ્રેનના જનરલ ડબ્બામાં ચઢવાનો પ્રયાસ કર્યો હતો જેના કારણે નાસભાગ મચી ગઈ હતી.

### ડી. વાય. ચંદ્રચૂડે એક કાર્યક્રમમાં આ મુદ્દે સ્પષ્ટતા કરી

### વડાપ્રધાન મોદીને ઘરે આમંત્રણ આપવા બદલ ચીફ જસ્ટિસ ડી. વાય. ચંદ્રચૂડની આકરી ટીકા થઈ હતી

# નેતાઓને મળવું એટલે કોઈ ડીલ નહીં, રાજકીય પરિપક્વતાની નિશાની

। નવી દિલ્હી, તા.૨૭ ।



ગણેશ ચતુર્થીના પર્વ સમયે વિવાદમાં મુકાયેલા સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડી. વાય. ચંદ્રચૂડે એક કાર્યક્રમમાં આ મુદ્દે સ્પષ્ટતા કરી દીધી છે. મુંબઈમાં આયોજિત એક કાર્યક્રમમાં ચીફ જસ્ટિસ ચંદ્રચૂડે જણાવ્યું હતું કે, 'જો ન્યાયાધીશ જ્યારે રાજ્ય કે કેન્દ્ર સરકારના વડાને મળે, તો તેનો અર્થ એ નથી કે, તે બંને વચ્ચે કોઈ ડીલ થઈ હોય.'

વાત એમ છે કે, વડાપ્રધાન મોદીને ઘરે આમંત્રણ આપવા બદલ ચીફ જસ્ટિસની આકરી ટીકા થઈ હતી. આમ, ચીફ જસ્ટિસનું નિવેદન આ વાતની સ્પષ્ટતા કરતું હોય એવું જણાઈ રહ્યું છે. આ કાર્યક્રમમાં ચીફ જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યું કે, જ્યારે સરકારના વડા હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસને મળે છે, ત્યારે આ બેઠકોમાં રાજકીય પરિપક્વતા જોવા મળે છે. અમારે રાજ્યના મુખ્યમંત્રીઓને મળવું પડે છે, કારણકે, તેઓ ન્યાયંત્ર માટે બજેટ ફાળવે છે. અમે રૂબરૂ મુલાકાતના બદલે માત્ર પત્ર વ્યવહાર પર આધાર રાખી કામ કરી શકીશુ નહીં. ચીફ જસ્ટિસ ચંદ્રચૂડે જણાવ્યું હતું કે, 'રાજકીય નેતા અને ચીફ જસ્ટિસ વચ્ચેની આ બેઠક રાજકીય પરિપક્વતાની નિશાની છે. મારી કારકિર્દીમાં એવું ક્યારેય બન્યું નથી કે, કોઈ મુખ્યમંત્રીએ બેઠક દરમિયાન કોઈ પેન્ડિંગ કેસ વિશે વાત કરી હોય. કોર્ટ અને સરકાર વચ્ચેનો વહીવટી સંબંધ ન્યાયતંત્રના કામથી તદ્દન અલગ છે. મુખ્યમંત્રી કે ચીફ જસ્ટિસ તહેવારો કે શોકના સમયે એક-બીજાને મળે છે, પરંતુ અમારા કામ પર અસર થતી નથી.'

કોર્ટમાં રજાઓને લઈને ઉઠતા સવાલો પર ચીફ જસ્ટિસે કહ્યું કે, 'લોકોએ સમજવું જોઈએ કે જજો પર કામનો બોજ ઘણો હોય છે.











# ૧૫૦ કરોડના હવાલા કૌભાંડમાં સિમકાર્ડ સપ્લાય કરતા બે ઝબ્બે

। પ્રતિનિધિ, સુરત, તા.૨૭।

સુરતમાંથી પકડાયેલા હવાલાથી નાણાં મંગાવી ક્રિપ્ટો કોઈનમાં તબદીલ કરી આપવાના યુએસડીટી એક્સચેન્જના ૧૫૦ કરોડના હવાલા કૌભાંડમાં વધુ બે પકડાયા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે અફઘાનિસ્તાન, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ચીનથી ચાલતા ૧૫૦ કરોડના હવાલા કૌભાંડમાં એસઓજીએ સુરતના ભેસ્તાનમાંથી અને એક આરોપીની મુંબઈથી ધરપકડ કરી હતી. તેમની પાસેથી ૭૩ પ્રી-એક્ટિવ સીમકાર્ડ પણ કબજે કર્યા છે. તેઓ ૫૦૦ રૂપિયા કમિશન લઈ બીજાના નામના પ્રી-એક્ટિવ સીમકાર્ડ વેચાણ કરતા હતા.

વિદેશમાંથી હવાલાથી રૂપિયા મગાવી તેને આભાસી કોઈનમાં કન્વર્ટ કરી આપવાના આ હવાલા કૌભાંડમાં સૂત્રધાર મકબૂલ ડોક્ટર અને તેનો પુત્ર બસ્સામ પ્રિ-એક્ટિવ સીમકાર્ડ દુબઈ મોકલતા હતા.



























**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya



CMYK